CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883






# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 63, Dt. 11-07-2026 (SATURDAY) Rs. 02/- **Page :** 24, RNI No. GUJGUJ/2023/84789


### ચોમાસાના માઠા સંકેત


# ગુજરાત પરથી વાદળો ગાયબ

## રાજ્યમાં અત્યાર સુધી 17% વરસાદની ઘટ; ખેડૂતોની ચિંતા વધી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

છેલ્લા બે દિવસમાં ગુજરાતના એકપણ જિલ્લા-તાલુકામાં વરસાદ નોંધાયો નથી. તો બીજી તરફ તાપમાનમાં સામાન્ય વધારો થયો છે. શુક્રવારે રાજ્યમાં ગરમીનો પારો ૩૭C પાર રહ્યો, જેમાં ભાવનગર ૩૭.૨C સાથે સૌથી ગરમ રહ્યું, જ્યારે અમદાવાદ ૩૬.૪ ડિગ્રી સેલ્સિયસ સાથે બીજા નંબર પર રહ્યું. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં નર્મદાના ગરૂડેશ્વર અને પંચમહાલના ગોધરા તાલુકામાં માત્ર ૧ મિમી વરસાદ નોંધાયો છે, જ્યારે બાકીના તમામ તાલુકાઓમાં વાતાવરણ સૂકું રહ્યું છે.

બીજી તરફ, ગુજરાત માટે ચોમાસાને લઈને માઠા સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગની સેટેલાઇટ તસવીરોમાં ગુજરાત પરથી વાદળો ગાયબ થઈ જતાં આગામી સાત દિવસ સુધી વરસાદની કોઈ સંભાવના નથી. વરસાદની ગેરહાજરીને કારણે હવે ફરી ગરમી અકળાવશે.



રાજ્યમાં ૧ જૂનથી ૧૧ જુલાઈ સુધીના વરસાદી આંકડા પર નજર કરીએ તો હજુ પણ સામાન્ય કરતાં ઓછો વરસાદ નોંધાયો છે. સમગ્ર રાજ્યમાં હાલમાં ૧૬૨.૫ મિલીમીટર (૬.૪૨ ઈંચ) વરસાદ થયો છે, જે સામાન્ય રીતે ૧૯૬ મિલીમીટર (૭.૭૨ ઈંચ) થવો જોઈએ, એટલે કે રાજ્યમાં અત્યાર સુધી ૧૭% વરસાદની ઘટ વર્તાઈ રહી છે. વિસ્તાર પ્રમાણે જોઈએ તો ગુજરાત પ્રદેશમાં ૨૨૫ મિમી (૮.૮૬ ઈંચ) વરસાદ સાથે ૧૦%ની ઘટ છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં ૧૧૪ મિમી (૪.૪૯ ઈંચ) વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં ૨૬% ઓછો છે. અમદાવાદ શહેરની વાત કરીએ તો આગામી દિવસોમાં અહીં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે અને ખાસ કરીને ૧૬ જુલાઈએ પણ વાદળછાયા માહોલ વચ્ચે હળવી રાહત મળી શકે છે.



# INS મહેન્દ્રગિરિ નૌકાદળમાં સામેલ

## અદૃશ્ય થઈને હુમલો કરવાની ક્ષમતાઃ સ્વદેશી મિસાઈલ-સેન્સરથી સજ્જ

**સિટી ન્યૂઝ@વિશાખાપટ્ટનમ**

રક્ષા મંત્રી રાજનાથ સિંહે શુક્રવારે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ નેવલ ડોકયાર્ડમાં INS મહેન્દ્રગિરિને ભારતીય નૌકાદળમાં સામેલ (કમિશન) કર્યું. મહેન્દ્રગિરિ પ્રોજેક્ટ-૧૭Aની નીલગિરિ કેટેગરીનું છઠ્ઠું સ્ટેલ્થ ફ્રિગેટ (યુદ્ધ જહાજ) છે. તેને બનાવવામાં ૭૫%થી વધુ સ્વદેશી ઉપકરણો અને ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. INS મહેન્દ્રગિરિ સ્વદેશી અત્યાધુનિક હથિયારો, સેન્સર અને ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમથી સજ્જ છે. તે હવાઈ હુમલાઓ, દુશ્મનના જહાજો અને સબમરીનનો એકસાથે સામનો કરવામાં સક્ષમ છે.

# વિયેતનામમાં ભારતીય પ્રવાસીઓ ભરેલી બોટ પલટી : 15નાં મોત

## ફુ ક્વોક ટાપુ નજીક પલટી બોટમાં 32 ભારતીયો સવાર હતા, બચાવ અભિયાન યથાવત; દૂતાવાસે કંટ્રોલ રૂમ શરૂ કર્યો

**સિટી ન્યૂઝ@હનોઈ**

વિયેતનામના ફુ ક્વોક ટાપુ નજીક શનિવારે ભારતીય પ્રવાસીઓને લઈ જતી એક બોટ દરિયામાં પલટી ગઈ. ભારતીય દૂતાવાસે આ દુર્ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું કે સ્થાનિક પ્રશાસન સમગ્ર મામલાની તપાસ કરી રહ્યું છે અને શોધખોળ તથા બચાવ અભિયાન ચાલુ છે. સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવી રહ્યો છે કે તેમાં ૩૨ ભારતીય પ્રવાસીઓ સવાર હતા. તેમાંથી ૧૮ને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે ૧૪ની શોધખોળ ચાલુ છે.





વિયેતનામના હો ચી મિન્હ શહેરમાં સ્થિત ભારતીય દૂતાવાસે જણાવ્યું કે ઘટનાની સાચી માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. અહીં મુસાફરોની મદદ માટે કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. તેનો સંપર્ક કરવા માટે હેલ્પલાઈન નંબર +૮૪ ૩૬ ૨૮૧ ૭૯૩૦, +૮૪ ૯૧ ૫૫૨ ૩૭ ૧૪ અને +૮૪ ૩૩ ૪૫૨ ૦૪૧૪ જાહેર કરવામાં આવ્યા છે. દુર્ઘટના બાદ હનોઈ સ્થિત દૂતાવાસ અને હો ચી મિન્હ સિટી સ્થિત ભારતીય દૂતાવાસમાં કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યા છે. બંને મિશન સ્થાનિક પ્રશાસનના સંપર્કમાં છે અને ભારતીય નાગરિકોને શક્ય તમામ મદદ પૂરી પાડવામાં આવી રહી છે.

## ગિરનાર પર્વત પર ઈતિહાસની સૌથી મોટી અને પ્રથમ ઘટના



# ગિરનાર પર સિંહ બાળકને મોઢામાં પકડી ભાગ્યો

## વહેલી સવારે કાકાની આંગળી પકડી ચાલતા માસુમ ભત્રીજાને સિંહ ખેંચી ગયોઃ બુટ-કપડા અને શરીરનાં અંગ મળતા હાહાકાર મચ્યો




## વન વિભાગે પ્રવેશ બંધ કર્યોઃ મહેમદાબાદનાં મોડજ ગામનો આદિવાસી પરિવાર ગિરનાર દર્શને આવ્યો'તો

સિટી ન્યૂઝ@જૂનાગઢ

જૂનાગઢના વિશ્વ વિખ્યાત યાત્રાધામ ગિરનાર પર્વત પર એક અત્યંત હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના મોડજ ગામથી ગિરનારની યાત્રાએ આવેલા પ્રવાસી પરિવારના ૧૧ વર્ષના નિર્દોષ બાળક પર સિંહે અચાનક હુમલો કર્યો હતો. વહેલી સવારે કરી ઝાડીઓમાં ખેંચી જતા બાળકના બુટ-કપડા, શરીરનાં અવશેષો મળ્યા હતા ઘટનાને પગલે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા હતા. આ અંગે બાળકના કુટુંબી કાકા ચૌહાણ અનિલકુમારસિંહ નટવરસિંહે જણાવ્યું હતું કે, તેઓ સવારે ગિરનારના પગથિયાં ચડી રહ્યા હતા ત્યારે ગેટથી અંદર આશરે ૫૦ જેટલા પગથિયાં ઉપર પહોંચતા જ અંધારામાંથી અચાનક એક સિંહે આવીને પાછળથી ભત્રીજા મયુરસિંહ મહેન્દ્રસિંહ પર તરાપ મારી હતી.સિંહ બાળકને હાથમાંથી જ ખેંચીને જંગલ તરફ ભાગ્યો હતો, જેના કારણે ભારે દોડધામ અને ચીસાચીસ થઈ ગઈ હતી. ત્યારબાદ શોધખોળ કરતાં જંગલમાંથી બાળકના બૂટ, કપડાં અને શરીરના કેટલાક અવશેષો જ હાથ લાગ્યા છે.તેમણે વહીવટી તંત્ર સામે સીડીઓ પર લાઈટની કોઈ વ્યવસ્થા નથી, જેના કારણે અંધારામાં વન્યજીવ બેઠો હોય તો પણ ખ્યાલ નથી આવતો, જેથી અહીં તાત્કાલિક લાઈટની સગવડ કરવી જોઈએ અને અમુક અંતરે ફોરેસ્ટ ઓફિસર તહેનાત કરવા જોઈએ.તેવો રોષ ઠાલવ્યો હતો.માંડ ૫૦ પગથિયાં ચડ્યા ત્યાં અચાનક સિંહ બાળકને ખેંચી ગયો આ ઘટનાના પ્રત્યક્ષદર્શી અને સગા સંદીપભાઈએ વિગતો આપતા કહ્યું હતું કે, તેઓ રાત્રે ગિરનારમાં રોકાયા હતા અને સવારે આશરે પોણા છ વાગ્યે ૫૦થી ૬૦ જેટલા યાત્રિકો સાથે ચઢવાનું શરૂ કર્યું હતું.માંડ ૫૦ પગથિયાં ચડ્યા ત્યાં જ અચાનક સિંહે આવીને બાળક મયુરસિંહને ઉઠાવી લીધો હતો. સ્થાનિક લોકોમાં એવી પણ ચર્ચા છે કે છેલ્લા ત્રણ-ચાર દિવસથી ત્રણ સિંહ ગિરનારની સીડીઓની આસપાસ જ બેસી રહેતો હતો, તેમ છતાં લાઈટ કે સુરક્ષાની પૂરતી સુવિધા ન હોવાથી આ દુર્ઘટના સર્જાઈ છે.

## DCF સહિતની ટીમ જંગલમાં ઉતરીઃ સિંહને પાંજરે પુરાયો

જૂનાગઢના ગિરનાર પર્વત પર ઈતિહાસની સૌથી મોટી અને કાળજુ કંપાવી દે તેવી ઘટના સામે આવી છે, જ્યાં વહેલી સવારે સીડી ચડી રહેલા એક માસૂમ બાળકને સિંહ ખેંચી ગયો છે. હાલ ડીસીએફ અક્ષય જોશી અને વેટરનરી ડોક્ટરોની ટીમ બોરદેવી વિસ્તારના આ ત્રણેય સિંહોને રેસ્ક્યુ કરવાની કામગીરીમાં જોડાઇ ગઇ છે. જુનાગઢના ઈતિહાસમાં આવી ઘટના પ્રથમ વખત બની છે. યાત્રિકોમાં ભય વચ્ચે વન વિભાગે સિંહોનું રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું બાદમાં હુમલો કરનાર સિંહને પાંજરે પુરવામાં આવ્યો હતો.



## મૃતક બાળક માતા-પિતા વિના કાકાની સાથે આવ્યો હતો

જૂનાગઢના ગિરનાર પર્વતના ગિરનાર દરવાજા પાસે જ આજે વહેલી પરોઢે કાકા સાથે પગથીયા ચડતા માસુમ બાળકને માનવભક્ષી સિંહ ઉઠાવી ફાડી ખાતા પરિવાર ભાંગી પડ્યો હતો.મહેમદાબાદના મોડજ ગામેથી આદિવાસી પરિવાર સ્પે. બસ મારફત જુનાગઢ ભવનાથ તળેટી આવ્યો હતો. આજે વહેલી સવારે ગિરનાર દરવાજાથી ૫૦ પગથીયા પહોંચેલા મયુરસિંહ ચૌહાણ (ઉ.વ.૧૧)ને કાકા પ્રભાતસિંહની હાજરીમાં સિંહ ખેંચી જતાં પરિવારજનોએ ચીસાચીસ કરી મુકી હતી.આખરે ભવનાથ પોલીસ દોડી આવી હતી અને બાળકના અવશેષો હાથ વગા કર્યા હતાં.

# મેડિકલ સ્ટોરમાં સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત

- નશાકારક અને ડુપ્લિકેટ દવાઓના વેચાણ પર રોક લગાવવા તંત્રનો નિર્ણય
- શેડ્યુલ–H અને X દવાઓના વેચાણનું રજિસ્ટર હવેથી ડિજિટલ રાખવું પડશે




- ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના અપાતી નશાકારક દવાઓના કાળાબજાર પર મોટી બ્રેક
- ગેરકાયદે દવાઓ પર રોક લગાવવા રાજકોટના મેડિકલ સ્ટોર્સ માટે કડક માર્ગદર્શિકા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં નશાકારક અને ડુપ્લિકેટ દવાઓના ગેરકાયદેસર વેચાણ સામે સીટી ન્યૂઝ દ્વારા ચલાવવામાં આવેલી ઝુંબેશની જંગી અસર જોવા મળી છે. રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ (NCPCR) ની સૂચનાઓનું પાલન કરીને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ મેડિકલ સ્ટોર્સ માટે ૧ નવી અને અત્યંત કડક ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ યુવાધનને ડ્રગ્સ અને નશાકારક દવાઓની લતથી બચાવવાનો છે અને આ પગલાંને સીટી ન્યૂઝના સત્યનિષ્ઠ પત્રકારત્વનો મોટો વિજય માનવામાં આવી રહ્યો છે.

આ નવા આદેશ અનુસાર, હવેથી રાજકોટના દરેક મેડિકલ સ્ટોરના કાઉન્ટર પર ફરજિયાતપણે CCTV કેમેરા લગાવવાના રહેશે. આ કેમેરાની ગોઠવણ એવી રીતે કરવાની રહેશે કે જેથી ગ્રાહકો અને અપાતી દવાઓનું સ્પષ્ટ રેકોર્ડિંગ થઈ શકે. આ ઉપરાંત, ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના વેચાતી દવાઓ અટકાવવા માટે શેડ્યુલ-H અને શેડ્યુલ-X અંતર્ગત આવતી તમામ દવાઓના રજિસ્ટર અને બિલિંગ સિસ્ટમનું ૧૦૦% ડિજિટલાઈઝેશન કરવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ નિયમો માત્ર કાગળ પર જ ન રહી જાય તે માટે ૪ વિવિધ સરકારી વિભાગોની ૧ સંયુક્ત ટીમ મેદાનમાં ઉતારવામાં આવશે. જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ વિભાગ, નશાબંધી વિભાગ અને બાળ સંરક્ષણ વિભાગની ટુકડીઓ દ્વારા મેડિકલ સ્ટોર્સ પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવશે. આ ૪ વિભાગોની બાજ નજર હેઠળ ગેરરીતિ પકડવા સઘન પ્રયાસો હાથ ધરાશે.જો કોઈ પણ મેડિકલ સ્ટોર સંચાલક આ નિયમોનું ઉલ્લંઘન કરતો પકડાશે, કેમેરા બંધ હાલતમાં હશે કે ડિજિટલ રેકોર્ડ નહીં મળે, તો તેની સામે કાયદેસરની આકરી કાર્યવાહી કરાશે અને જરૂર પડ્યે દુકાનનું લાયસન્સ પણ રદ કરવામાં આવશે. સીટી ન્યૂઝ ભવિષ્યમાં પણ આવા જનહિતના મુદ્દાઓ ઉઠાવીને કાળાબજારીયાઓ સામે અવાજ બુલંદ કરતું રહેશે.




## મેડિકલ કાઉન્ટર પર ગ્રાહક અને દવાનું સ્પષ્ટ રેકોર્ડિંગ કરવું ફરજિયાતઃ મેડિકલ સ્ટોરમાં સઘન ચેકિંગ

### જન્મદિવસે પ્રેમ અને પ્રેમલગ્નને લઈ સૂચક નિવેદન આપ્યું

# પ્રેમ કરવો પાપ નથીઃ નરેશ પટેલ

## માતાપિતાની ઈચ્છા વિરુદ્ધ લગ્ન થાય એ ખૂબ મહત્વની વાત છેઃ મંજૂરી આપે તો જ આગળ વધવું જોઈએઃ ખોડલધામનાં ચેરમેન નરેશ પટેલ



સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી પાટીદાર સિંગરો દ્વારા કરવામાં આવેલા પ્રેમલગ્ન પાટીદાર સમાજમાં ચર્ચાનો વિષય બન્યા છે. ત્યારે ખોડલધામના ચેરમેન નરેશ પટેલ દ્વારા પોતાના જન્મદિવસે પ્રેમ અને પ્રેમલગ્નને લઈ સૂચક નિવેદન આપ્યું હતું. નરેશ પૅટેલે કહ્યું કે, પ્રેમ કરવો એ પાપ નથી. પરંતુ, લગ્ન માતાપિતાની સહમતીથી થાય એ જરુરી છે. ખાસ કરીને સિંગર મુદ્દે કહ્યું કે, સિંગર હોય તો તેને લત્તા મંગેશકરને આઈડોલ બનાવવા



જોઈએ. જેથી કોઈ પ્રશ્ન નહીં રહે. ભાવનગરની પ્રિયા મોરડીયા, સુરતની આરતી સાંગાણી,સુરતની રિદ્ધી રાજપરા, કિંજલ દવે, કિંજલ રબારી અને કાજલ મહેરિયાના પ્રેમસંબંધ, મૈત્રીકરાર અને પ્રેમલગ્નના કારણે સામાજિક લેવલે અને સોશિયલ મીડિયામાં ભારે વિવાદ સર્જાયો હતો. વિવાદ એટલો વકર્યો હતો કે ગુજરાત સરકારે નિયમોમાં ફેરફાર કરવાની ફરજ પડી હતી.ખોડલધામના ચેરમેન નરેશ પટેલનો આજે જન્મદિવસ હોય રાજકોટમાં યોજાયેલા બ્લેડ ડોનેશન કેમ્પમાં હાજરી આપી હતી.

આ સમયે મીડિયા સાથેની વાતચીત દરમિયાન લવમેરેજને લઈ મહત્વનું નિવેદન આપતા કહ્યું કે, પ્રેમ કરવો એ ગુનો નથી. પરંતુ, કોની સાથે લગ્ન કરવલા એ માતાપિતાની સહમતીથી થાય તે જરુરી છે. નરેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, માત્ર સિંગર નહીં પણ દરેક ફિલ્ડમાં કામ કરતી દીકરીઓ માટે આ પ્રશ્ન ચિંતાજનક છે.

## નરેશ પટેલના પણ લવમેરેજ થયેલા છે

લેઉવા પટેલ સમાજના અગ્રણી અને ખોડલધામ ટ્રસ્ટના પ્રણેતા નરેશ પટેલે લવ-મેરેજ કર્યા છે. શાલિનીબેન હરિયાણાના જૈન પરિવારનાં દીકરી છે. કોલેજમાં અભ્યાસ વખતે જ નરેશ પટેલને શાલિનીબેન સાથે પ્રથમ નજરમાં પ્રેમ થઇ ગયો હતો. બન્ને છેલ્લી બેન્ચે જ બેસતાં, ૧૯૮૪માં બંનેએ લવ-મેરેજ કર્યા હતાં. નરેશ પટેલને ઈંગ્લિશ મીડિયમમાં અભ્યાસ બાદ ત્રણ ડિફેન્સ વિંગમાંથી કોઇપણ એક વિંગમાં જવાની ઇચ્છા હતી, જેમાં આર્મી, નેવી અને એરફોર્સનો સમાવેશ થાય છે, પરંતુ પિતાનો આદેશ આવ્યો કે કારખાનું સંભાળી લો અને નરેશ પટેલે પિતાની વાત માની.

## સિંગરોને પણ કહ્યું, લત્તા મંગેશકરને આઈડોલ બનાવો એટલે પ્રશ્ન નહીં રહે



# વળતર નહીં મળે તો મંત્રીઓને 108માં ઘાલવાનાઃ રાકેશ અમૃતિયા

## ■ રાજ્યમંત્રી કાંતિ અમૃતિયાના ભાઈના વિવાદાસ્પદ નિવેદનથી સરકાર સામે આક્રમક ચેતવણી

## ■ ખેડૂતોને ચાર ગણા વળતરની માંગ સાથે આંદોલન વધુ તેજ કરવાની જાહેરાત, સરકાર પર અવગણનાના આક્ષેપ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

મોરબી જિલ્લાના જેતપર ગામે ચાલી રહેલા ખેડૂત આંદોલનને વધુ વેગ મળ્યો છે. ગઈકાલે ૯ જુલાઈએ રાત્રે યોજાયેલી બેઠકમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, નર્મદા, સાબરકાંઠા સહિત ૧૨ જિલ્લાના ખેડૂતો ઉપવાસી છાવણીમાં એકત્ર થયા હતા. બેઠક દરમિયાન ખેડૂતો દ્વારા જમીન વળતર અને અન્ય પ્રશ્નોને લઈને પોતાના સૂચનો અને લાગણીઓ વ્યક્ત કરવામાં આવી હતી. અમદાવાદ, ગાંધીનગર સહિત ૧૨ જિલ્લાના ખેડૂત આગેવાનોએ રાજસ્થાનની જેમ ૪ ગણા વળતરની માંગ કરી હતી. આ કાર્યક્રમના અંતે આભારવિધિમાં રાજ્યમંત્રી કાંતિ અમૃતિયાના ભાઈ તેમજ જેટપર આંદોલન સમિતિના સભ્ય અને ૧૯ દિવસ સુધી ઉપવાસ કરનારા રાકેશ અમૃતિયાએ સ્થાનિક પ્રશાસન, સરકાર અને રાજ્યના મંત્રીઓ પર



આકરા પ્રહારો કર્યા હતા. ખેડૂતોને પૂરતું વળતર નહીં મળે તો લાલ લાઇટવાળી ગાડીઓમાં ફરતા મંત્રીઓને "૧૦૮માં ઘાલવાના" તેમજ મંત્રીઓ અને ધારાસભ્યોના ઝભ્ભા ફાડવાની વાત કરતાં તેમનું નિવેદન ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.

જેતપર ખાતે ચાલતા ખેડૂત આંદોલન દરમિયાન અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, નર્મદા, સાબરકાંઠા સહિત ૧૨ જિલ્લાના ખેડૂતોની બેઠક યોજાઈ હતી. ઉપવાસી છાવણીમાં ખેડૂતો દ્વારા વળતર અંગે પોતાના પ્રશ્નો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે રાકેશ અમૃતિયાએ છેલ્લા ઘણા દિવસોથી આંદોલનને મળેલા સહકાર બદલ ખેડૂતોનો આભાર વ્યક્ત કર્યો હતો. આભારવિધિ દરમિયાન જ રાકેશ અમૃતિયાએ પોતાના ભાષણમાં કહ્યું કે હવે આંદોલનનો ત્રીજો તબક્કો નહીં પરંતુ સીધો ચોથો તબક્કો શરૂ કરવાનો સમય આવી ગયો છે.

### 12 જિલ્લાના ખેડૂતો એક મંચ પર

જેતપર ખાતે યોજાયેલી ઉપવાસી છાવણીની બેઠકમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, નર્મદા, સાબરકાંઠા સહિત ૧૨ જિલ્લાના ખેડૂત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં રાજસ્થાનની જેમ ચાર ગણા વળતરની માંગને મજબૂત સમર્થન મળ્યું હતું. ખેડૂતોએ સરકાર સમક્ષ યોગ્ય વળતર અને જમીન હિતોના પ્રશ્ને એકજૂથ રહી લડત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### રાકેશ અમૃતિયાના નિવેદનથી રાજકીય ચર્ચા

આંદોલનના અંતે રાકેશ અમૃતિયાએ સરકાર અને મંત્રીઓ સામે આક્રમક ભાષાનો ઉપયોગ કરતાં જણાવ્યું કે ખેડૂતોને યોગ્ય વળતર નહીં મળે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. તેમના 'મંત્રીઓને ૧૦૮માં ઘાલવાના' અને 'ધારાસભ્યોના ઝભ્ભા ફાડવાના' જેવા નિવેદનો બાદ સમગ્ર મામલો રાજકીય ચર્ચાનું કેન્દ્ર બન્યો છે અને આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનવાના સંકેતો જોવા મળી રહ્યા છે.

# જૂનાગઢ ફોર ટ્રેક પર ગમખ્વાર અકસ્માતઃ 4 લોકોનાં મોત

» બંધ ટ્રકમાં કાર ઘુસી જતા અકસ્માત 4 લોકોને ઈજાઃ બેની હાલત અતિગંભીર

» સોમનાથ અસ્થિ વિસર્જન કરવા જતા કાળ ભેટયોઃ બાળકનો ચમત્કારિક બચાવ







**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લાના મજેવડી ગામ નજીક ફોર ટ્રેક રોડ પર આજે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. સોમનાથ ખાતે અસ્થિ વિસર્જન માટે જઈ રહેલા બનાસકાંઠાના એક પરિવારની અર્ટિગા કાર રસ્તા પર બંધ ઉભેલી ટ્રક પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં કારમાં સવાર ૪ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી બેની હાલત અતિ ગંભીર છે. આ સમગ્ર ઘટનામાં એક માસૂમ બાળકનો ચમત્કારિક રીતે આબાદ બચાવ થયો છે. મળતી વિગતો મુજબ, બનાસકાંઠા જિલ્લાનો આ પરિવાર પોતાના સ્વજનના અસ્થિ વિસર્જન અર્થે અર્ટિગા કારમાં સવાર થઈને પવિત્ર યાત્રાધામ સોમનાથ તરફ જઈ રહ્યો હતો. દરમિયાન જૂનાગઢના મજેવડી ગામ પાસે હાઈવે પર બંધ હાલતમાં ઉભેલી એક ટ્રક પાછળ તેમની કાર ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારના આગળના ભાગના ફુરચેફુરચા ઊડી ગયા હતા અને ચાર સભ્યોએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો.

અકસ્માતને પગલે હાઈવે પર ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ૧૦૮ ઈમરજન્સી સેવાની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. બચાવ કામગીરી હાથ ધરીને તમામ ઈજાગ્રસ્તોને કારમાંથી બહાર કાઢી તાત્કાલિક સારવાર અર્થે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. ઈજાગ્રસ્તો પૈકી બે લોકોની હાલત અત્યંત નાજુક હોવાથી તેમને હાલ આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે મૃતકોના શબને પીએમ અર્થે ખસેડી અકસ્માતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. તેમજ હાઈવે પર બંધ પડેલી ટ્રકના ચાલકની બેદરકારી સહિતના તમામ પાસાઓ પર વધુ તપાસ શરૂ કરી છે.

હોસ્પિટલના જણાવ્યા મુજબ ચાર ઘાયલોમાંથી બે વ્યક્તિઓની સ્થિતિ અત્યંત ગંભીર હોવાથી તેમને ઈન્ટેન્સિવ કેર યુનિટ માં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય બે ઘાયલોની પણ સારવાર ચાલી રહી છે. અકસ્માતમાં એક બાળકનો સુરક્ષિત બચાવ થયો છે. બાળકને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે પરિવાર ધાર્મિક વિધિ અંતર્ગત સોમનાથ ખાતે અસ્થિ વિસર્જન માટે જઈ રહ્યો હતો. પરંતુ રસ્તામાં બનેલી આ દુર્ઘટનાએ સમગ્ર પરિવારને શોકમાં ગરકાવ કરી દીધો છે. એક જ અકસ્માતમાં પરિવારના ચાર સભ્યોના મોત થતાં બનાસકાંઠા જિલ્લામાં પણ શોકનું મોજું ફરી વળ્યું છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અકસ્માત એટલો ભયાનક હતો કે કાર ટ્રકના પાછળના ભાગમાં ઊંડે સુધી ઘૂસી ગઈ હતી.ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને બચાવ કામગીરીમાં મદદ કરી હતી. પોલીસે પ્રાથમિક તપાસમાં માર્ગ પર બંધ હાલતમાં ઉભેલી ટ્રકમાં કાર પાછળથી અથડાઈ હોવાનું સામે આવ્યું છે.

### સુરતમાં મુશળધાર પડેલા વરસાદ બાદ પુરના પાણી ઓસરતા

# હજારો કાર-બાઈક રિપેર કરાવવા લાઈનો લાગી






- ગેરેજોમાં મહિનાનું લાંબુ વેઈટિંગ કહેતા વાહનચાલકો કંટાળ્યા
- લાંબી લાઈનો જોઈને વાહનચાલકો વાહન ભંગારમાં વેચવા તૈયાર
- એન્જિન-ઈલેક્ટ્રીક પાર્ટ્સમાં પાણી ભરાતાં કરોડોનું નુકસાન

**સિટી ન્યૂઝ@સુરત**

સુરત શહેરમાં પડેલા મુસળધાર વરસાદ અને ત્યારબાદ આવેલા ખાડીપૂરના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પૂરના પાણી એટલી ઝડપે અને અચાનક આવ્યા કે વાહનચાલકોને પોતાના વાહનો સલામત સ્થળે હટાવવાનો પણ સમય મળ્યો ન હતો. પરિણામે, શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ૩૦૦૦થી વધુ બાઈક અને કાર પાણીમાં આખેઆખી ડૂબી જતાં બંધ થઈ ગઈ છે. હવે પૂરના પાણી ઓસરતા જ શહેરના તમામ નાના-મોટા ગેરેજ અને ઓથોરાઈઝ્ડ સર્વિસ સેન્ટરો બહાર વાહનોની લાંબી લાઈનો જોવા મળી રહી છે, જેને જોઈને વાહનચાલકો કંટાળ્યા છે. વરસાદી પાણીમાં વાહનો કલાકો સુધી ડૂબેલા રહેવાને કારણે વાહનમાલિકોને મોટું આર્થિક




નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. મોટાભાગની બાઈક અને કારના એર ફિલ્ટર, એન્જિન અને ગિયર બોક્સમાં પાણી ભરાઈ ગયું છે. આ ઉપરાંત, આધુનિક ગાડીઓમાં સેન્સર અને ઈલેક્ટ્રોનિક પાર્ટ્સ પાણીમાં ગરકાવ થઈ જતાં શોર્ટ સર્કિટના કારણે વાહનો કંડમ જેવા થઈ ગયા છે. ગેરેજ સંચાલકોના જણાવ્યા પ્રમાણે, વાહનોમાં એન્જિન સીઝ થવાથી લઈને વાયરિંગ બળી જવા સુધીનું મોટું નુકસાન સામે આવ્યું છે.વરાછાના સવાણી વિસ્તારમાં ગીતાંજલિ પેટ્રોલ પંપની પાછળ મહાદેવ નગરમાં ગેરેજ ચલાવતા સંચાલકે જણાવ્યું કે, “હું છેલ્લા સાત વર્ષથી અહીં ગેરેજ ચલાવું છું, પણ આવો ભયાનક વરસાદ અને પૂર ક્યારેય નથી જોયું. આસપાસની દુકાનોમાં ઘૂંટણ સમાં પાણી ભરાઈ જતાં વેપારીઓ બરબાદ થઈ ગયા છે.” તેમણે વધુમાં ઉમેર્યું કે, અહીં પાછળ હીરાના કારખાનામાં કામ કરતા રત્નકલાકારોની ગાડીઓ પાર્ક હતી, જે બધી જ ડૂબી ગઈ. લોકો ગાડીઓ મૂકીને પગપાળા ઘરે જવા મજબૂર બન્યા હતા.

## હાઈબ્રિડ-ઈલેક્ટ્રિક કારના માલિકો મૂંઝવણમાં મુકાયા



વિનાયક મોટર્સના માલિક જતિનભાઈ પંડિતે જણાવ્યું હતું કે, "બે દિવસ પહેલાં પડેલા ભારે વરસાદથી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. અતિવૃષ્ટિના કારણે વર્કશોપ પર આવેલી તમામ ગાડીઓમાં મોટું નુકસાન છે. હાલ ગાડીઓની સાફ-સફાઈ ચાલી રહી છે, ત્યારબાદ એન્જિનમાંથી પાણી કાઢી, સેન્સરો સાફ કરીને ગાડીઓ ચાલુ કરવાનો પ્રયત્ન કરાશે."બીજી તરફ, કાર મિકેનિક્સના જણાવ્યા અનુસાર, હાલમાં ગેરેજોમાં એક-એક મહિનાનું વેટિંગ ચાલી રહ્યું છે. લક્ઝુરિયસ કારના પાર્ટ્સ તાત્કાલિક મળતા નથી, જેથી કંપનીમાંથી મંગાવવા પડી રહ્યા છે. સૌથી વધુ મુશ્કેલી તાજેતરમાં લોન્ચ થયેલી હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક કારમાં જોવા મળી રહી છે, જ્યાં ટેકનિકલ ખામીઓ ઉભી થતાં રિપેરિંગ અટવાયું છે. એક કાર ચાલકે વ્યથા ઠાલવતા કહ્યું કે, મારી કાર આખી ડૂબી ગઈ હતી, જેના લીધે મીટર, સીટ, બેટરી, વાયરિંગ અને એન્જિન બધું જ બગડી ગયું છે.

## તંત્રી લેખ



# માયાભાઈ, સ્ટેજ પર તાળી આપનારી પ્રજાને દુઃખ ન પહોંચાડો અપેક્ષા માત્ર એટલી જ

કલાકારને સમાજમાં હંમેશા ઊંચું સ્થાન મળ્યું છે. ખાસ કરીને કાઠિયાવાડના કલાકારો જેઓએ આ ધરતીની લોકવાયકા, સંસ્કૃતિ અને ભાષાનો અસલ રંગ જીવંત રાખ્યો છે. આજે જે નવી પેઢી "ડાયરાં"માં તાળી પાડે છે, શેર સાંભળે છે અને ભાવનામાં તરબોળ થાય છે, તે આ કલાકારોના પરિશ્રમ અને પ્રતિભાનો જ પરિચય છે. તેઓ માત્ર મનોરંજન નથી કરતા, પરંતુ સંસ્કૃતિને જીવંત રાખે છે. એ કારણે જ સમાજ તેમને માથા પર બેસાડે છે.

પરંતુ પ્રશ્ન ત્યારે ઊભો થાય છે, જ્યારે આ જ સ્ટેજ પર બેઠેલો કલાકાર પોતાની મર્યાદા ભૂલી જાય છે. શબ્દોમાં રહેલી મીઠાશની જગ્યાએ જો અહંકાર ઝળહળી ઊઠે, તો એ શબ્દો પ્રેરણા નહીં, પણ પીડા આપે છે. કાઠિયાવાડની ભાષામાં ખુમારી છે, પરંતુ એ ખુમારીમાં સંસ્કાર હોવા જોઈએઅહંકાર નહીં.

આજે કેટલાક પ્રસંગોમાં જોવામાં આવે છે કે કલાકાર પોતાના શબ્દોમાં એવા વાક્યો બોલી જાય છે, જે પ્રજાની લાગણીને ઠેસ પહોંચાડે છે. "ટેક્સ તમારો બાપ ભરે છે" જેવા વાક્યોમાં છુપાયેલું મનોભાવ ચિંતાજનક છે. શું આ એ જ ભાષા છે, જે કાઠિયાવાડની ઓળખ છે? શું આ એ જ સંસ્કૃતિ છે, જેને આપણે ગર્વથી આગળ ધપાવીએ છીએ?



● તંત્રી ●
**અનિરુદ્ધ નકુમ**

યાદ રાખવું જોઈએ કે કોઈપણ કલાકાર પોતાની મહેનતથી આગળ વધે છે, પરંતુ તેને ઊંચે બેસાડનાર પ્રજા જ હોય છે. એ જ પ્રજા ટિકિટ ખરીદે છે, એ જ પ્રજા તાળી પાડે છે, એ જ પ્રજા તેને "સ્ટાર" બનાવે છે. એટલે પ્રજાનો અપમાન એટલે પોતાના અસ્તિત્વને પડકારવો.

કલાકાર સમાજનો અરીસો કહેવાય છે. તે જે બોલે છે, તે ઘણા લોકો માટે પ્રેરણા બને છે. એટલે તેની જવાબદારી સામાન્ય વ્યક્તિ કરતા ઘણી વધુ હોય છે. વડીલ કલાકારોએ તો ખાસ કરીને શબ્દોમાં સંયમ રાખવો જોઈએ, કારણ કે તેઓ યુવાનો માટે આદર્શ હોય છે.

આપણે સ્વીકારવું પડશે કે કાઠિયાવાડના કલાકારો આપણા માટે ગૌરવ છેઅમારું કીમતી ઘરેણું છે. પરંતુ ઘરેણું ત્યારે જ ચમકે, જ્યારે તે સાફ અને સંભાળેલું રહે. જો તેમાં અહંકારની ધૂળ ચડી જાય, તો એની ચમક ધીમે ધીમે ઓછી થવા લાગે છે.

પત્રકારો, લેખકો અને સામાન્ય લોકોબધા જ આ કલાકારોમાંથી કંઈક શીખે છે. તેમના શબ્દો, તેમના અંદાજ અને તેમની ભાષા સમાજમાં સુગંધ ફેલાવે છે. પરંતુ જ્યારે એ જ શબ્દો કડવાશ ફેલાવે, ત્યારે પ્રશ્નો ઊભા થવું સ્વાભાવિક છે.

અંતમાં એક સીધી વાતકલાકારે ક્યારેય પક્ષની નહીં, પરંતુ પ્રજાની ભાષા બોલવી જોઈએ. જ્યારે શબ્દોમાં પ્રજાનો માન હશે, ત્યારે કોઈ ટ્રોલ નહીં કરે, કોઈ વિરોધ નહીં કરે. કારણ કે પ્રજા હંમેશા સત્ય અને સન્માનને જ સ્વીકારે છે. કલાકારનું સાચું મહાનપણું તેની લોકપ્રિયતા નથી, પરંતુ તેની વિનમ્રતા છે. જો આ વાત સમજાઈ જાય, તો સ્ટેજ પરનો તાળીઓનો ગડગડાટ ક્યારેય બંધ નહીં થાય.

# BSNLએ સેટેલાઈટ ફોન લોન્ચ કર્યો

## 1.34 લાખના ફોનથી નેટવર્ક વગરના વિસ્તારોમાં પણ થશે કોલિંગ, DoTની મંજૂરી ફરજિયાત




### ■ ડિફેન્સ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, માઈનિંગ અને દુર્ગમ વિસ્તારો માટે ખાસ તૈયાર કરાયો

### ■ લાંબી બેટરી, SOS ફીચર અને નેટવર્ક વિનાના વિસ્તારોમાં પણ કનેક્ટિવિટી મળશે

**સિટી ન્યૂઝ@જયપુર**

દેશની સરકારી ટેલિકોમ કંપની બીએસએનએલે એવા વિસ્તારો માટે નવો સેટેલાઈટ ફોન લોન્ચ કર્યો છે, જ્યાં મોબાઈલ ટાવરનું નેટવર્ક ઉપલબ્ધ નથી. ૧,૩૪,૧૬૬ રૂપિયાની કિંમત (ટેક્સ સહિત) ધરાવતો આ ફોન સીધો સેટેલાઈટ સાથે જોડાઈને કોલિંગની સુવિધા આપે છે. જોકે, આ ફોન ખરીદવા અથવા ઉપયોગ કરવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સની મંજૂરી લેવી ફરજિયાત રહેશે.

સામાન્ય મોબાઈલ ફોન નજીકના મોબાઈલ ટાવર સાથે જોડાય છે, જ્યારે આ સેટેલાઈટ ફોન સીધો સેટેલાઈટ સાથે કનેક્ટ થાય છે. તેથી જ્યાં મોબાઈલ નેટવર્ક ઉપલબ્ધ ન હોય ત્યાં પણ વોઈસ કોલ કરી શકાય છે. ઈમરજન્સી વખતે અને દુર્ગમ વિસ્તારોમાં આ ફોન ખાસ ઉપયોગી બની શકે છે. બીએસએનએલના જણાવ્યા અનુસાર આ ફોન સેટેલાઈટ સર્વિસ પ્રોવાઈડર ઈનમારસેટ (Inmarsat) સહિતની કંપનીઓ સાથે ભાગીદારીમાં વિકસાવવામાં આવ્યો છે.

બીએસએનએલના જણાવ્યા મુજબ ફોનમાં મોબાઈલ નેટવર્ક ન હોય તેવા વિસ્તારોમાં પણ કનેક્ટિવિટી મળશે.

આ ફોન સામાન્ય સ્માર્ટફોન વપરાશકર્તાઓ માટે બનાવવામાં આવ્યો નથી. બીએસએનએલના જણાવ્યા મુજબ તેનો ઉપયોગ મુખ્યત્વે ડિફેન્સ, મેરિટાઇમ ઓપરેશન્સ, ડિઝાસ્ટર રિસ્પોન્સ, માઈનિંગ, દૂરના ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતી સંસ્થાઓ, દુર્ગમ વિસ્તારોમાં યાત્રા કરતા શ્રદ્ધાળુઓ અને એડવેન્ચર ટ્રાવેલ માટે કરવામાં આવશે. આ સેટેલાઈટ ફોનની કિંમત ૧,૩૪,૧૬૬ રૂપિયા છે. બીએસએનએલે સ્પષ્ટ કર્યું છે કે ફોન ખરીદવા અથવા તેનો ઉપયોગ કરવા પહેલાં ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સની પૂર્વ મંજૂરી ફરજિયાત છે. મંજૂરી વગર સેટેલાઈટ ફોન રાખવો અથવા તેનો ઉપયોગ કરવો ભારતીય નિયમો મુજબ ગુનો બની શકે છે. સેટેલાઈટ ફોન અંગે વધુ માહિતી માટે લોકો નજીકની બીએસએનએલ ઓફિસનો સંપર્ક કરી શકે છે અથવા ૯૭૬૮૮૬૬૬૫૨ નંબર પર માહિતી મેળવી શકે છે. ઉલ્લેખનીય છે કે બીએસએનએલ સમગ્ર દેશમાં પોતાનું નેટવર્ક વિસ્તારી રહ્યું છે. કંપનીએ તાજેતરમાં જણાવ્યું હતું કે દેશમાં લગભગ ૯૯,૦૦૦ ૪જી સાઈટ્સ શરૂ કરવામાં આવી છે અને સરકાર દ્વારા બીએસએનએલને વધુ ૪જી સાઈટ્સ સ્થાપવાની મંજૂરી આપવા અંગે પણ વિચારણા ચાલી રહી છે.

### શું છે ખાસિયત?

આ ફોન મોબાઈલ ટાવર પર આધારિત નથી, પરંતુ સીધો સેટેલાઈટ સાથે જોડાય છે. જેના કારણે મોબાઈલ નેટવર્ક ન હોય તેવા વિસ્તારોમાં પણ વોઈસ કોલિંગ અને SOS ઈમરજન્સી મેસેજ મોકલી શકાય છે. ફોનની કિંમત ૧,૩૪,૧૬૬ છે અને તેને ખરીદવા કે વાપરવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સની પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત છે.

# ભાજપના સંગઠન મંત્રી પર 300 કરોડના કૌભાંડનો આરોપ

- 20% વળતરની લાલચ આપી 35 ગામના હજારો રોકાણકારોને ફસાવ્યાનો દાવો, ધામેચા બંધુઓ સામે તપાસ તેજ
- શેરબજારમાં રોકાણના નામે પોન્ઝી સ્કીમ ચલાવી કરોડો એકત્ર કર્યા, 150થી વધુ એજન્ટો મારફતે ફેલાવ્યું જાળ




### 20% નફાની લાલચે 35 ગામ સુધી ફેલાયું કૌભાંડ

તપાસમાં સામે આવેલી વિગતો મુજબ ધામેચા બંધુઓએ શેરબજારમાં રોકાણના નામે ૨૦ ટકા વળતરની ખાતરી આપી ૩૫ જેટલા ગામોમાં એજન્ટો મારફતે રોકાણકારોનું વિશાળ નેટવર્ક ઊભું કર્યું હતું. શરૂઆતમાં સમયસર વ્યાજ ચૂકવી વિશ્વાસ જીત્યા બાદ કરોડો રૂપિયા એકત્ર કરી બંને ફરાર થઈ ગયા હોવાના આક્ષેપ છે. હાલ પોલીસ સમક્ષ નોંધાયેલી ફરિયાદોની રકમ સતત વધી રહી છે, જ્યારે પીડિતો સમગ્ર કૌભાંડ ૩૦૦થી ૪૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું હોવાનો દાવો કરી રહ્યા છે.



## શરૂઆતમાં વ્યાજ ચૂકવી જીત્યો વિશ્વાસ, બાદમાં કરોડો રૂપિયા લઈને ફરાર થયાનો આરોપ

સિટી ન્યૂઝ@ભાવનગર

ભાવનગર જિલ્લાના ફરિયાદકા ગામના પિતરાઈ ભાઈઓ યોગેશ ધામેચા અને સંજય ધામેચા સામે શેરબજારમાં રોકાણના નામે કરોડો રૂપિયાની છેતરપિંડીના ગંભીર આક્ષેપો થયા છે. શરૂઆતમાં ૨૦ ટકા સુધીનું આકર્ષક માસિક વળતર આપવાની લાલચ આપી તેમણે મોટી સંખ્યામાં લોકોને રોકાણ કરવા પ્રેર્યા હતા. પોલીસ તપાસમાં અત્યાર સુધી એક કરોડથી વધુની છેતરપિંડીના ગુના નોંધાયા છે, જ્યારે પીડિતોનો દાવો છે કે સમગ્ર કૌભાંડનો આંકડો ૩૦૦થી ૪૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આરોપી યોગેશ ધામેચા ભાજપમાં સંગઠન મંત્રી તરીકે જવાબદારી સંભાળી રહ્યો હતો. બીજી તરફ સંજય ધામેચા અગાઉ ડ્રાઈવિંગ સહિતના વ્યવસાય સાથે સંકળાયેલો હોવાનું પરિવારજનોનું કહેવું છે.



### ભોગ બનનાર ગ્રામજનો

| ભોગ બનનાર | ગામ | રકમ |
|---|---|---|
| કરણભાઈ મેઘજીભાઈ રાઠોડ | ફરિયાદકા | 46,50,000 |
| સંદિપભાઈ ધીરુભાઈ સોલંકી | ચિત્રા | 20,00,000 |
| કિશોરભાઈ અરજણભાઈ ચૌહાણ | સિદસર | 12,50,000 |
| ગૌતમભાઈ ઉકાભાઈ ચૌહાણ | સિદસર | 9,24,500 |
| નિલેશભાઈ જેન્તીભાઈ રાઠોડ | બોરતળાવ | 7,00,000 |
| અનીલભાઈ ગણેશભાઈ રાઠોડ | ફરિયાદકા | 5,40,000 |
| અજયભાઈ રાયસંગભાઈ રાઠોડ | બોરતળાવ | 2,50,000 |

બંનેએ વિશ્વાસનું વાતાવરણ ઉભું કરીને રોકાણકારોનું વિશાળ નેટવર્ક તૈયાર કર્યું હતું અને શરૂઆતમાં નિયમિત વળતર ચૂકવી લોકોનો વિશ્વાસ વધુ મજબૂત બનાવ્યો હતો.

પીડિતો અને સ્થાનિકોના જણાવ્યા મુજબ ધામેચા બંધુઓએ આશરે ૧૫૦ જેટલા એજન્ટો મારફતે ૩૦થી ૩૫ ગામોમાં રોકાણનો વ્યવસાય ફેલાવ્યો હતો. હજારો લોકોએ વધુ કમાણીની આશાએ પોતાની જીવનભરની બચત, ખેતીની આવક અને મિલકત વેચીને પણ આ યોજનામાં નાણાં રોક્યા હતા. જોકે, થોડા સમય બાદ બંને આરોપીઓ અચાનક ફરાર થઈ જતા રોકાણકારોમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

પોલીસ તપાસમાં શરૂઆતમાં થોડા રોકાણકારોની ફરિયાદના આધારે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી, પરંતુ તપાસ આગળ વધતા વધુ પીડિતો સામે આવવા લાગ્યા છે. ફરિયાદોની સંખ્યા અને છેતરાયેલી રકમ બંને સતત વધી રહી છે. અનેક એજન્ટોએ પણ પોતે લાખો રૂપિયાનું નુકસાન ભોગવ્યું હોવાનું જણાવ્યું છે અને તેઓ પણ આ સમગ્ર કૌભાંડમાં પોતાને ભોગ બનનાર ગણાવી રહ્યા છે. સમગ્ર મામલાએ હવે રાજકીય રંગ પણ પકડ્યો છે, કારણ કે મુખ્ય આરોપી યોગેશ ધામેચા ભાજપમાં સંગઠન મંત્રી હોવાનું સામે આવ્યું છે. પીડિતોએ સમગ્ર કૌભાંડની ઊંડાણપૂર્વક તપાસ કરીને તમામ સંડોવાયેલા લોકોની ભૂમિકા બહાર લાવવા, રોકાણકારોના નાણાં પરત અપાવવા અને જો અન્ય કોઈ વ્યક્તિઓ પણ આ ગેરરીતિમાં સામેલ હોય તો તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

# * દુઃખદ અવસાન *



રાજકોટ નિવાસી સ્વ. પરાગસિંહ ભાવસિંહજી તલાટીયા (ઉંમર વર્ષ ૪૫) નું તા.૧૦/૦૭/૨૦૨૬ ને શુક્રવાર વદ'દસમ જેઠ 2082 ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

## ૐ સદ્‌ગતનું બેસણું ૐ

તારીખ : ૧૩-૦૭-૨૦૨૬ | સમય : સાંજે ૪ થી ૬

સરનામું : ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર,
જનકપુરી રોડ, ગંગોત્રી ડેરી પાછળ,
સાધુ વાસવાણી રોડ, યુનિવર્સિટી રોડ, રાજકોટ.

લી.

સ્વ ભાવસિંહીજી લાખાજી તલાટીયા
નાનુભા લાખાજી તલાટીયા
વિજયસિંહ લાખાજી તલાટીયા
સ્વ દીપકસિંહ લાખાજી તલાટીયા
સ્વ મિલનસીંહ ભાવસિંહજી તલાટીયા

હરેશસિંહ નાનુભા તલાટીયા
ચિરાગસિંહ વિજયસિંહ તલાટીયા
જયદીપસિંહ દીપકસિંહ તલાટીયા
કુલદીપસિંહ હરેશસિંહ તલાટીયા
ક્રીશીવસિંહ પરાગસિંહ તલાટીયા

મોબ , 9429059782, 9228337475


## તલાટીયા કેટરર્સ

જય માતાજી

# ગુજરાતમાં કેન્સરનો ખતરો વધ્યો

## ■ દરરોજ સરેરાશ 200 નવા દર્દી નોંધાય છે, પુરુષોમાં મોંના તો મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરના કેસ વધુ

## ■ પાંચ વર્ષમાં ગુજરાતમાં 3.47 લાખથી વધુ કેસ, તમાકુ સંબંધિત કેન્સરનું પ્રમાણ 42 ટકા



### ગુજરાતમાં કેન્સરના ચોંકાવનારા આંકડા

ગુજરાતમાં વર્ષ ૨૦૨૫ દરમિયાન અંદાજે ૭૨,૭૫૯ નવા કેન્સરના કેસ નોંધાયા છે, એટલે કે દરરોજ સરેરાશ ૨૦૦ નવા દર્દી સામે આવી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષ (૨૦૨૧-૨૦૨૫)માં રાજ્યમાં ૩.૪૭ લાખથી વધુ લોકો કેન્સરથી પ્રભાવિત થયા છે. કુલ કેસોમાંથી આશરે ૪૨ ટકા કેસ તમાકુના સેવન સાથે સંકળાયેલા હોવાનું આરોગ્ય નિષ્ણાતો જણાવે છે.

### આ લક્ષણો દેખાય તો તરત તપાસ કરાવો

મોઢા કે ગળામાં ગાંઠ થવી, ત્રણ અઠવાડિયા સુધી ચાંદા સાજા ન થવા, ગળવામાં કે બોલવામાં તકલીફ પડવી, અવાજ બેસી જવો અથવા મોઢાની અંદર લાલ-સફેદ ડાઘ દેખાવા જેવા લક્ષણોને ક્યારેય અવગણવા નહીં. ડૉક્ટરોના જણાવ્યા મુજબ કેન્સરનું વહેલું નિદાન જ સફળ સારવારની સૌથી મોટી ચાવી છે.

| ગુજરાતમાં દરરોજ 200 નવા કેસ | 2025માં કુલ 72,759 નવા કેસ | 5 વર્ષમાં 3.47 લાખથી વધુ કેસ | તમાકુ સંબંધિત 42% કેસ |
|---|---|---|---|

**પુરુષોમાં સૌથી વધુ: મોઢા અને શ્વાસનળીનું કેન્સર**

**મહિલાઓમાં સૌથી વધુ: બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સર**

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

હૃદયરોગ પછી કેન્સર આજે માનવજાત માટે સૌથી મોટો અને જીવલેણ પડકાર બનીને ઉભરી આવ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના ‘ગ્લોબલ સ્ટેટસ રિપોર્ટ ઓન કેન્સર’ અનુસાર, આ બીમારી દુનિયામાં મોતનું બીજું સૌથી મોટી કારણ છે. રિપોર્ટમાં ગંભીર ચેતવણી આપવામાં આવી છે કે જો તાત્કાલિક અસરકારક પગલાં લેવામાં નહીં આવે, તો વર્ષ ૨૦૫૦ સુધીમાં વિશ્વમાં કેન્સરના વાર્ષિક કેસ વધીને ૩.૫ કરોડ થઈ જશે.

હાલમાં વિશ્વમાં દર વર્ષે અંદાજે ૨.૦૬ કરોડ નવા કેસ નોંધાય છે, જેમાંથી ૧ કરોડ લોકો જીવ ગુમાવે છે-એટલે કે દરરોજ ૨૭ હજારથી વધુ લોકોના મોત થઈ રહ્યા છે. ભારત અને ખાસ કરીને ગુજરાતમાં પણ કેન્સરની સ્થિતિ અત્યંત ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે.

ICMR ના અંદાજ મુજબ, વર્ષ ૨૦૨૫માં દેશમાં કેન્સરના ૧૫.૭૭ લાખ નવા કેસ નોંધાયા હતા, જેમાં ગુજરાતનો હિસ્સો ૭૨,૭૫૯ દર્દીઓનો હતો. એક આંકડા મુજબ, ભારતમાં સરેરાશ દર ૯ માંથી એક વ્યક્તિને તેના જીવનકાળ દરમિયાન કેન્સર થવાની શક્યતા રહેલી છે.

ગુજરાતમાં નોંધાતા કુલ કેસમાંથી સૌથી વધુ ૪૨ ટકા કેસ તમાકુના સેવન સંબંધિત છે. તમાકુના કારણે મોંનું કેન્સર, શ્વાસ નળી, ફેફસાં, શ્વરપેટી અને અન્નનળીના કેન્સર મુખ્ય છે. પુરુષોમાં મોંઢા અને શ્વાસ નળીના કેન્સરનું પ્રમાણ સૌથી વધુ છે. મહિલાઓમાં બ્રેસ્ટ (સ્તન) અને સર્વાઈકલ (ગર્ભાશયના મુખનું) કેન્સર ઝડપથી વધી રહ્યું છે.

અમદાવાદ સિવિલ કેમ્પસ સ્થિત કેન્સર હોસ્પિટલ (GCRI) ના આંકડા જ આ સ્થિતિની ગંભીરતા દર્શાવે છે. વર્ષ ૨૦૨૫માં માત્ર મોં અને ગળાના કેન્સરના જ ૫,૯૦૯ કેસ નોંધાયા હતા, એટલે કે રોજ ૧૬ દર્દીઓ સારવાર માટે આવ્યા હતા. પાંચ વર્ષમાં (૨૦૨૧-૨૦૨૫) આવા ૨૮,૩૫૨ દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

આજે કેન્સર માત્ર મોટી ઉંમરના લોકોને જ નહીં, પરંતુ નાના બાળકોને પણ ઝપેટમાં લઈ રહ્યું છે. રાસાયણિક ખેતી અને જંતુનાશકોના આડેધડ વપરાશના કારણે નવજાત શિશુ માટે અમૃત સમાન ગણાતા માતાના દૂધમાં પણ હવે યુરિયા અને જંતુનાશકોના અંશો મળી રહ્યા છે. ગુજરાતમાં રાસાયણિક ખેતીના કારણે જમીનનો ઓર્ગેનિક કાર્બન ૦.૫ ટકાથી નીચે જતો રહ્યો છે, જેથી જમીન બંજર અને કઠણ થઈ ગઈ છે અને વરસાદી પાણી જમીનમાં ઉતરતું નથી. જો દેશમાં યુરિયા-DAP ની અબજો રૂપિયાની સબસિડી બચાવીને ’પ્રાકૃતિક ખેતી’ અપનાવવામાં આવે, તો જમીન પણ બચશે અને માણસનું સ્વાસ્થ્ય પણ સુધરશે. તબીબોના જણાવ્યા અનુસાર, વહેલું નિદાન એ જ કેન્સર સામે બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે. જો નીચે મુજબના લક્ષણો દેખાય તો તરત જ તપાસ કરાવવી જોઈએ. જેમાં મોં કે ગળામાં કોઈ ગાંઠ થવી. મોઢા, જીભ કે હોઠ પરના ચાંદા ૩ અઠવાડિયા કરતાં વધુ સમય સુધી સાજા ન થવા. ખોરાક ચાવવામાં, ગળવામાં કે બોલવામાં તકલીફ પડવી. અવાજમાં અચાનક ફેરફાર થવો અથવા અવાજ બેસી જવો. મોઢાની અંદર લાલ કે સફેદ ડાઘ (ચકમા) દેખાવા જેવા લક્ષણો જોવા મળે તો નજરઅંદાજ ન કરવા જોઈએ, તેમ તબીબો કહે છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા મોં, સ્તન અને સર્વાઈકલ કેન્સર માટે મોટા પાયે સ્ક્રિનિંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. કેન્સરથી બચવા માટેનો એક જ અમોઘ મંત્ર છે વ્યસનમુક્ત જીવન અને પ્રકૃતિ આધારિત આહારશૈલી.

# 73 વર્ષીય વૃદ્ધનાં 5 વર્ષની બાળકી સાથે અડપલા

## અમદાવાદનાં મેઘાણીનગરમાં રમાડવાના બહાને ઘરે બોલાવી દાદાની ઉંમરનાઃ વૃદ્ધે અડપલાં કર્યા; ગભરાયેલી હાલતમાં માતા–ફોઈને જાણ કરીઃ આરોપીની ધરપકડ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના મેઘાણીનગરમાં પાંચ વર્ષની બાળકી સાથે ૭૩ વર્ષીય વૃદ્ધે અડપલા કર્યાની ચકચારી ઘટના સામે આવી છે. વૃદ્ધે બાળકીને રમાડવાના બહાને ઘરે બોલાવીને ત્યારબાદ તેના ગુપ્ત ભાગે હાથ ફેરવીને છેડતી કરી હતી. બાળકીએ ઘરે જઈને માતા અને ફોઈને આપવીતી જણાવતા પરિવારે તુરંત પોલીસ કંટ્રોલ રૂમનો સંપર્ક કર્યો હતો. મેઘાણીનગર પોલીસે ઘટનાસ્થળે પહોંચી આરોપી નંદલાલ આસવાણીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી પાંચ વર્ષની બાળકી ૭૩ વર્ષીય નંદલાલ આસવાણીના ઘરે રમવા



માટે ગઈ હતી. આ દરમિયાન આરોપીએ પોતાની માનસિક વિકૃતિ દર્શાવીને નાની બાળકી સાથે શારીરિક અડપલા કર્યા હતા અને તેના ગુપ્ત ભાગે હાથ ફેરવીને ખરાબ કૃત્ય આચર્યું હતું. આ અણછાજતા વર્તનથી બાળકી ગભરાઈ ગઈ હતી અને તેને શારીરિક પીડા થતાં તે પોતાના ઘરે પહોંચી હતી.બાળકીએ ઘરે જઈ પોતાની માતા અને ફોઈને નંદલાલ દ્વારા કરવામાં આવેલા ખરાબ કૃત્ય અંગે વાત કરી હતી. માસૂમ પુત્રી સાથે થયેલી આ હરકત જાણીને સ્તબ્ધ થયેલા પરિવારે તાત્કાલિક ધોરણે ઇમરજન્સી નંબર ૧૧૨ પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. કંટ્રોલ રૂમના મેસેજના આધારે મેઘાણીનગર પોલીસની ટીમ તુરંત ઘટનાસ્થળે દોડી આવી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી.

એસીપી રીના રાઠવાએ જણાવ્યું કે, પીડિત બાળકીની ફરિયાદના આધારે ૭૩ વર્ષીય આરોપી નંદલાલ આસવાણીની ધરપકડ કરી લેવામાં આવી છે.

### ગાંજાનો જથ્થો લઈ જામનગર જતો હતો ત્યારે જ રેલ્વે એલસીબીની ટીમ ત્રાટકીઃ રૂા.1.14 લાખની મતા જપ્ત

# રાજકોટ સ્ટેશન પરથી બે કિલો ગાંજા સાથે શખ્સ ઝડપાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

હાલ પેડલરો પોલીસથી બચવા માટે અવનવા કિમીયા અજમાવે છે, ત્યારે હવે રેલ્વે મારફત ગાંજાની હેરાફેરી સામે આવી છે. રાજકોટ રેલવે સ્ટેશન પરથી બિહારનો મુસાફર આશરે બે કિલો ગાંજા સાથે ઝડપાયો હતો. બિહારી શખ્સ જામનગર ખાતે ગાંજો લઈને પહોંચે તે પૂર્વે જ રેલવે એલસીબીએ દબોચી રૂા.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દરોડાની વિગત અનુસાર રેલ્વે પોલીસના પીઆઈ એચ.એમ.રાણાની રાહબરી હેઠળ એલસીબી પીએસઆઇ જે એમ પરમાર સહિતની ટીમ રાજકોટ રેલવે પરિસરમાં ગેરકાયદે માદક પદાર્થની હેરાફેરીને અટકાવવા



પ્રયત્નશીલ હતી. રેલવે એલસીબી અને એસઓજીની ટીમ રેલવે સ્ટેશન પર આંતરરાજ્ય ટ્રેન પર વોચમાં હતી.  દરમિયાન કોન્સ્ટેબલ હસમુખભાઈને બાતમી મળી હતી કે,  રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક પર એક શખ્સ શંકાસ્પદ વજનદાર બેગ સાથે આંટા મારી રહ્યો છે. જેમાં માદક પદાર્થનો જથ્થો છુપાવવામાં આવેલ છે.

જે બાતમી મળતાની સાથે જ રેલ્વે એલસીબીની ટીમે તાત્કાલિક પ્લેટફોર્મ નં.૧ પર જઈ શંકાસ્પદ શખ્સ પાસે રહેલ બેગ તપાસતા તેમાંથી રૂા.૯૯ હજારની બે કિલો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે ગાંજો, મોબાઈલ મળી કુલ રૂા.૧.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી રાહુલકુમાર અર્જુન મંડલ (ઉ.વ.૨૫, રહે. સુપૌલ, બિહાર) વિરુદ્ધ એનડીપીએસ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ઝડપાયેલ શખ્સ બિહારથી ગાંજાનો જથ્થો સાથે લઈ જામનગર ખાતે મજૂરી કામ અર્થે જતો હતો અને જો કામ ન મળે તો આ ગાંજો વેંચી પરત વતન જતો રહેવાની કેફિયત આપી હતી. બિહારથી આવ્યો હતો. જો કે, પોલીસને આરોપીની કેફિયત ખોટી જણાતા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરીમાં પીઆઈ એચ. એમ. રાણા, પીએસઆઈ જે. એમ. પરમાર, એએસઆઈ હરપાલસિંહ સરદારસિંહ, એએસઆઈ બલભદ્રસિંહ રણજીતસિંહ, એએસઆઈ રામજીભાઈ ચંદુલાલ, હેડ કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ જયવંતસિંહ, હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ મહાવીરસિંહ, પોલીસ કોન્સ્ટેબલ હસમુખભાઈ રાધવભાઈ, જયેશભાઈ નાથાભાઈ, શૈલેષભાઈ લાલજીભાઈ, દિવ્યરાજસિંહ વાધુભા, ભુપતભાઈ કાનાભાઈ, SOGના હેડ કોન્સ્ટેબલ સિદ્ધરાજસિંહ કનુભા તેમજ રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનના એએસઆઈ કાંતીલાલ ભીખાભાઈ, હેડ કોન્સ્ટેબલ જયવીરસિંહ વનરાજસિંહ અને યોગીરાજસિંહ ફતેસિંહ જોડાયા હતા.

# ગ્રીસમાં 30 હજાર ફૂટે પ્લેનની બારી તૂટી

## પત્નીએ પગ પકડી રાખતાં બચ્યો જીવ, ગ્રીસના આકાશમાં સર્જાઈ ભયાનક સ્થિતિ






**સિટી ન્યૂઝ@એથેન્સ**

ગ્રીસના આકાશમાં એક ફ્લાઇટની બારી તૂટી જવાથી મોટો અકસ્માત ટળી ગયો. પ્લેન ૩૦ હજાર ફૂટની ઊંચાઈ પર હતું, ત્યારે કેબિનમાં અચાનક દબાણ ઓછું થઈ ગયું અને વિન્ડો શીટ નીકળી ગઈ.

વિન્ડો શીટ પર બેઠેલા ૬૧ વર્ષના મુસાફરનું માથું અને ખભા બારીમાંથી બહાર નીકળી ગયા. જેમ જ બાજુમાં બેઠેલા મુસાફરે આ જોયું તો તરત જ તેને પકડીને પાછો પ્લેનની અંદર ખેંચી લીધો.

એક મુસાફરે જણાવ્યું કે તે વૃદ્ધનો જીવ તેની બાજુમાં બેઠેલી પત્નીએ બચાવ્યો. જેમ જ તે બારીમાંથી બહાર નીકળવા લાગ્યા, તેમની પત્નીએ જોરથી પગ પકડી લીધા. સારી વાત એ રહી કે પીડિત વ્યક્તિએ બેલ્ટ બાંધ્યો હતો, જેના કારણે તે બહાર નીકળી શક્યો નહીં. એક મહિલા પેસેન્જરે જણાવ્યું કે કેબિનમાં તીવ્ર ગંધ ફેલાઈ ગઈ હતી. આ સીટ પાસેની બારી તૂટી હતી. ફ્લાઇટ ગ્રીસના થેસાલોનિકીથી જર્મનીના મેમિંગેન જઈ રહી હતી. એરલાઇન કંપની રાયનએરે જણાવ્યું કે પેસેન્જરને કેટલીક ઈજાઓ થઈ છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત સ્થિર છે.

આ ઘટના મેસેડોનિયા ઉપર બની હતી. ઘાયલ મુસાફર સર્બિયાનો પ્રવાસી છે. તેને દાઝી જવા જેવી ઈજાઓ થઈ છે. પ્લેને સવારે ૫.૫૫ વાગ્યે (ગ્રીસના સમય મુજબ) થેસાલોનિકીથી ઉડાન ભરી હતી.

ઘટના સમયે પ્લેનમાં હાજર મહિલા પેસેન્જરે રેડિયો થેસાલોનિકીને જણાવ્યું, 'ઘટના સમયે મોટાભાગના પેસેન્જર સૂઈ રહ્યા હતા. ત્યારે ટાયર ફાટવા જેવો જોરદાર અવાજ આવ્યો. તેના તરત જ બાદ લોકોની ચીસો સંભળાઈ. અમને તરત જ સમજાઈ ગયું કે વિમાનની અંદર દબાણ ઓછું થઈ ગયું છે. થોડીવાર માટે મને લાગ્યું કે કોઈએ ભૂલથી ઈમરજન્સી દરવાજો ખોલી દીધો છે.

તે પછી ઓક્સિજન માસ્ક નીચે આવી ગયા અને કેબિનમાં તીવ્ર ગંધ ફેલાઈ ગઈ. એક મુસાફરનું માથું અને ખભા બારીમાંથી બહાર હતા. તેણે સીટ બેલ્ટ ખોલ્યો ન હતો. તે પછી આસપાસ બેઠેલા લોકોએ તેને પકડીને પાછો અંદર ખેંચી લીધો. ગ્રીક મીડિયાના અહેવાલ મુજબ, વિમાનના એન્જિનથી અલગ થયેલા કોઈ કાટમાળના ટુકડાને કારણે બારી તૂટી ગઈ. જોકે, આ કારણની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. રાયનએરે નિવેદન જારી કરીને કહ્યું કે ઉડાન ભર્યાના થોડા સમય પછી મુસાફરવાળી બારી અલગ થવાને કારણે વિમાનને પાછું થેસાલોનિકી ફરવું પડ્યું. વિમાને સામાન્ય રીતે લેન્ડિંગ કર્યું અને તમામ મુસાફરોને સુરક્ષિત રીતે ટર્મિનલ પર પહોંચાડવામાં આવ્યા. એરલાઇને જણાવ્યું કે બાકીના મુસાફરોને મેમિંગેન પહોંચાડવા માટે એક બીજું વિમાન મોકલવામાં આવ્યું. ઘટનાની તપાસ ચાલુ છે.



# અહીં શાકભાજી કરતાં નોટોના ઢગલા વધુ જોવા મળે છે!

## સોમાલીલેન્ડમાં નાની ખરીદી માટે પણ થેલાભર ચલણી નોટો લઈને બજારમાં જવું પડે છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

આજના સમયમાં દુનિયાના મોટાભાગના દેશોમાં ડિજિટલ પેમેન્ટ ઝડપથી વધી રહ્યું છે. ભારતમાં પણ UPIએ રોકડ વ્યવહારની જરૂરિયાત ઘણી ઓછી કરી નાખી છે. પરંતુ શું તમે જાણો છો કે, દુનિયામાં એક એવો દેશ છે, જ્યાં લોકો ડિજિટલ પેમેન્ટ એટલા માટે કરે છે, કેમ કે ત્યાં રોકડ લઈને બહાર નીકળવું લગભગ અશક્ય છે. આ માર્કેટમાં ફળ-શાકભાજીથી વધુ નોટોના બંડલ જોવા મળે છે. નાની ખરીદી માટે પણ લોકોને થેલા ભરીને નોટો લઈ જવી પડે છે. આવો જાણીએ આ અનોખા દેશ અને તેના નવાઈ પમાડે એવા નોટ બજારની કહાની વિશે.

અમે વાત કરી રહ્યાં છીએ સોમાલીલેન્ડની, જે ઉત્તર આફ્રિકામાં અદનની ખાડી પાસે આવેલો છે. વર્ષ ૧૯૯૧માં આ વિસ્તારે પોતાને સોમાલિયાથી અલગ જાહેર કર્યો હતો. જો કે, આજે પણ સંયુક્ત રાષ્ટ્ર સહિત દુનિયાના મોટાભાગના દેશોએ તેને સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપી નથી. આશરે ૪૦ લાખની વસ્તી વાળો આ વિસ્તાર પોતાને એક સ્વતંત્ર ગણરાજ્ય માને અને પોતાની સરકાર તેમજ વહીવટી તંત્ર પણ પોતે જ ચલાવે છે.

સોમાલીલેન્ડનું સત્તાવાર ચલણ સોમાલીલેન્ડ શિલિંગ છે. પરંતુ તેની કિંમત એટલી ઓછી છે કે, એક અમેરિકન ડોલરના બદલે આશરે ૯ હજાર શિલિંગ આપવા પડે છે. અહીં ૫૦૦ અને ૧૦૦૦ શિલિંગની નોટો સૌથી વધુ ચાલે છે. એ જ કારણ છે કે, જો કોઈ વ્યક્તિને રોજિંદા વપરાશ માટે કોઈ વસ્તુ ખરીદવી હોય તો તેને નોટોના મોટા મોટા બંડલ સાથે લઈને જવું પડે છે. સોમાલીલેન્ડની બજારોનો સૌથી અનોખો નજારો એ જ છે, અહીં ફળ અને શાકભાજીથી વધુ નોટોના ઢગલા જોવા મળે છે. જો કોઈ એક સિગરેટ ખરીદવી હોય, તો પણ ૫૦૦ કે ૧૦૦૦ શિલિંગની ઘણી નોટ આપવી પડે છે. જ્યારે એક થેલો ભરીને શાકભાજી ખરીદવા માટે લોકોને નોટોથી ભરેલો થેલો લઈને બજારમાં જવું પડે છે. જો કોઈ મોંઘા ઘરેણાં કે મોટી ખરીદી કરવા માગે તો નોટોના બંડલ ભરીને ટ્રકમાં લઈને જવું પડે એવી નોબત આવી શકે.



# ચોમાસું શરૂ થતાં જ શાકભાજી મોંઘા થયા

## કોથમરીના ભાવ આસમાને રૂ.270ની કિલોઃ ગુવાર, ભીંડો, તીખી મરચી, ચોળા, સહિતના ભાવો રૂ.100ને વટાવી ગયા



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ચોમાસુ શરૂ થઇ ચુકયુ છે ત્યારે શાકભાજીના ભાવમાં તોફાની તેજી જોવા મળી રહી છે, કેટલાક શાકભાજીના ભાવ વરસાદ આવ્યા પહેલા વધી રહ્યા છે, આદુ હળદરના ભાવ તો ૨૫૦ને પાર કરી ગયા છે, જયારે ભીંડો, ગુવાર, તીખી મરચી, ચોળા, કોથમરી સહિતના ભાવો ૧૦૦ને વટાવી ચુકયા છે. નવા ભાવ વધારાથી ગૃહીણીનું બજેટ ખોરવાઇ ગયું છે. અહીં આપેલા શાકભાજીના ભાવ સુભાષ માર્કેટ વિસ્તારના છે પરંતુ વિસ્તારમાં આવતી રેકડીઓમાં આ શાકભાજીના ભાવમાં ૨૦ ટકા ભાવ વધારો જોવા મળે છે.કેટલાક સમયથી આદુ અને લીલી હળદરના ભાવે આસમાને છે, રૂ.૨૫૦ થી ૨૬૦ બોલાઇ રહ્યા છે, તમામ શાકભાજીના ભાવ જે શાકભાજી બટેટાના ભાવમાં પણ વધારો જોવા મળ્યો છે, રૂ. ૩૦ થી ૪૦ ના ભાવમાં સારા બટેટા મળી રહ્યા છે, અન્ય શાકભાજીની વાત લઇએ તો ગુવારની આવક બહુ છે, મોટા ભાગની રેકડીઓમાં ગુવાર જોવા મળે છે. પરંતુ તેનો ભાવ ૧૨૦થી ૧૩૦ કિલોના હોય છે. પરવળ બહુ ઓછુ મળે છે રૂ.૧૨૫ થી ૧૫૦ સુધીમાં મળી રહ્યું છે, શાકભાજી ઉપરાંત શાકમાર્કેટમાં પીળી અને લાલ ખારેક મોટા પ્રમાણમા આવી રહી છે તેનો ભાવ રૂ. ૭૦ થી ૯૦ બોલાઇ રહ્યો છે.શાકભાજીના અન્ય ભાવોની વાત કરીએ તો લીંબુ રૂ. ૭૦ થી ૮૦, કોબી, રીંગણા થોડા સસ્તા છે, રૂ.૪૦ થી ૫૦માં મળી રહ્યા છે, જયારે મરચા રૂ. ૮૦ થી ૧૦૦ના ભાવમાં મળી રહ્યા છે. સારી ફલાવરના ભાવ રૂ. ૮૦ થી ૯૦ વચ્ચે બોલાઇ રહ્યા છે, જયારે દુધી રૂ. ૪૦ થી ૫૦, મુળા રૂ.૨૦થી ૨૫, કોથમરી રૂ. ૨૪૦ થી ૨૫૦, તાંજરીયાની ભાજી પુળીયાના રૂ.૨૦ અને પાલકના રૂ. ૧૫ બોલાઇ રહ્યા છે.શહેરની શાકમાર્કેટમાં લીંબુના ભાવ રૂ.૭૦ થી ૮૦ બોલાઇ રહ્યા છે, ચોળા રૂ.૮૦ થી ૯૦, અળવીના પાન એક પુરીયાના રૂ.૨૫ થી ૩૦, જયારે ડુંગળી રૂ. ૩૦ થી ૩૫ની કિલો મળી રહી છે, સામાન્ય રીતે વરસાદ આવે ત્યારે શાકભાજીના ભાવ આસમાને પહોંચે છે, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસાદ થયો નથી, ભાવ આસમાને પહોંચ્યા છે, ત્યારે બહેનોનું બજેટ ચોક્કસપણે ખોરવાઇ ગયું છે.હાપા માર્કેટીંગ યાર્ડમાં શાકભાજીની વેંચાણની પ્રક્રિયા થાય છે તેમાં ખેડુતોને સાવ ઓછા ભાવ મળે છે, દા.ત. લીંબુની વાત લઇએ તો ૨૦ કિલોના રૂ.૭૦૦ થી ૮૦૦ હોય છે અને આ લીંબુ શાકમાર્કેટમાં આવે ત્યારે રૂ.૧૬૦૦થી ૧૮૦૦ થઇ જાય છે. એવી જ રીતે ભીંડો, કોબી, રીંગણાના ભાવ સૌથી ઓછા હોય છે. પરંતુ શાકમાર્કેટમાં આવતા દલાલીની દલાલી વધી જતા ભાવ ઉંચકાય છે, એવી જ રીતે ખરી રીતે સુભાષ શાક માર્કેટમાં જે ભાવો હોય છે તે રેંકડીવાળાઓ શાક લઇને અલગ અલગ વિસ્તારમાં વેંચાણ કરે છે.

> આદુ હળદરના ભાવ તો 250ને પાર કરી ગયા

# સગીરાને ઘરમાં ખેંચી જઈ પાડોશીએ આચર્યું દુષ્કર્મ

## પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી વારંવાર હવસ સંતોષી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં વધુ એક સગીરા હવસખોરીનો શિકાર બની છે. યુનિવર્સિટી પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં રહેતાં મુરલી આહિર નામના શખ્સે સગીરાને હાથ પકડી ઘરે ખેંચી જઇ બથ ભરી શરીરે હાથ ફેરવી અવાર-નવાર બળજબરીથી શરીર સંબંધ બાંધી લીધાનો બનાવ પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ભોગ બનનાર સગીરાના પિતાની ફરિયાદ પરથી જામનગર રોડ વિસ્તારમાં રહેતાં મુરલી આહિર વિરૂધ્ધ પોક્સો, દુષ્કર્મ હેઠળ ગુનો નોંધ્યો છે. ત્રણેક વર્ષ પહેલા સગીરા એકલી હતી ત્યારે મુરલી ધસી આવ્યો હતો અને તેણીનો હાથ પકડી લીધો હતો. સગીરા કંઇ સમજે એ પહેલા તે ખેંચીને ઘરે લઇ ગયો હતો અને બથ ભરી લીધી હતી. તરૂણીએ પ્રતિકાર કર્યો પણ તે બચી શકી નહોતી. મુરલીએ બળજબરીથી તેની સાથે શરીર સંબંધ બાંધી લીધો હતો. પહેલી વખત આ રીતે બળજબરી આચરી લીધા બાદ મુરલીને તેણીને ધાકધમકી આપી હતી અને કોઇને વાત કરશે તો જાનથી મારી નાંખશે તેવી ધમકી આપી હતી. ગભરાઇ ગયેલી સગીરાએ કોઇને વાત કરી નહોતી. આ પછી મુરલી વધુ બેફામ બની ગયો હતો. બાદમાં ફરીથી તેણી સાથે અવાર-નવાર બળજબરીથી શરીર સંબંધ બાંધી લીધા હતાં. તેણી હાલમાં ગુમસુમ રહેતી હોઇ પરિવારજનોને કંઇક અજુગતુ બન્યાનું લાગતાં ફોસલાવીને પૃછા કરતાં તેણીએ પોતાની સાથે બળજબરી થઇની હકિકત જણાવતાં પરિવારજનો ચોંકી ગયા હતાં. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે મુરલી આહિર સામે ગુનો નોંધી વિશેષ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં પત્નીને પતિ સહિતના સાસરીયાઓનો ત્રાસઃ પોલીસ ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં પત્ની પર શારીરિક-માનસિક ત્રાસ ગુજારતા પતિ સહિતના સાસરિયાં સામે મહિલાની ફરિયાદ પરથી પોલીસે ગુનો દાખલ કરી તપાસ આદરી છે. રેલનગરમાં આવેલ અવધ પાર્કમાં પિયર રહેતી ૨૮ વર્ષીય વર્ષાબેન બ્રીજેશભાઈ વાળોદરાએ મહિલા પોલીસ સ્ટેશનમાં પોતાના પતિ બ્રજેશ, સાસુ ભાનુબેન, જેઠ રોનક અને નણંદ પ્રિયકા ઘનશ્યામ સીતાપરા વિરુદ્ધ ગંભીર ફરિયાદ નોંધાવી છે. વર્ષ ૨૦૧૬માં લગ્ન ગ્રંથિથી જોડાયેલા આ દંપતી વચ્ચે અગાઉ વિખવાદ થતાં કોર્ટ રાહે છૂટાછેડા લેવાયા હતા, પરંતુ બાદમાં સમાધાન કરી તેઓ ફરી સાથે રહેતા હતા.ગત મે મહિનામાં સાસુના ઓપરેશન બાદ, બાળકની જીદ બાબતે ઘરમાં સામાન્ય બોલાચાલી થઈ હતી. આ સામાન્ય બાબતમાં સાસુ ભાનુબેન અને નણંદ પ્રિયંકાબેને ઉગ્ર ઝઘડો કરી વર્ષાબેનને અપશબ્દો બોલ્યા હતા અને પતિને ખોટી ચડામણી કરી કાનભંભેરણી કરી હતી. જેના કારણે નોકરી પરથી પરત ફરેલા પતિ બ્રીજેશે કંઈ પણ સાંભળ્યા વગર વર્ષાબેનને ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો. જેઠ રોનકભાઈએ પણ ઘરમાંથી નીકળી જવાનું કહી માનસિક ત્રાસ આપતા હતા.

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

લાઈટ બંધ રહે છે?




ગંદુ પાણી આવે છે?



રસ્તા તૂટેલા છે?



ગંદકી અને સફાઈની સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – “સિટી ન્યૂઝ રાજકોટ” સુધી!

તમારી સમસ્યાનો ફોટો / વિડિયો મોકલો

અમે તેને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય – “સિટી ન્યૂઝ” હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે આપનો સહકાર જરૂરી**

# રાજકોટમાં 5 દિવસમાં રૂ.1.48 કરોડની વિજચોરી ઝડપાઈ

## ૩,૫૯૫ જોડાણોની તપાસમાં ૩૬૪માં ગેરરીતિ મળી; રૈયા રોડના એક જ જોડાણમાંથી રૂ.૧૭ લાખની વિજચોરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં વધતી વીજ માંગ વચ્ચે વીજચોરી અટકાવવા પીજીવીસીએલ દ્વારા હાથ ધરાયેલી ૫ દિવસીય મેગા ચેકિંગ ઝુંબેશમાં રૂ.૧.૪૮ કરોડની વીજચોરી ઝડપાઈ છે. શહેરના ૩,૫૯૫ વીજ જોડાણોની તપાસ દરમિયાન ૩૬૪ જોડાણોમાં વિવિધ પ્રકારની ગેરરીતિ સામે આવતાં વીજતંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. કુલ રૂ.૧૪૮.૮૭ લાખના આકારણી બિલ ફટકારવામાં આવ્યા છે.

પીજીવીસીએલના સિટી અધિક્ષક ઇજનેર તપન વોરાએ જણાવ્યું હતું કે સોમવારથી શુક્રવાર દરમિયાન શહેરના વધુ ટી એન્ડ ડી લોસ ધરાવતા અને




શંકાસ્પદ વિસ્તારોમાં ૧૭૮ ચેકિંગ ટીમો ઉતારી તપાસ હાથ ધરવામાં આવી હતી. રહેણાંક, વ્યાવસાયિક તેમજ અન્ય પ્રકારના વીજ જોડાણોની સઘન ચકાસણી દરમિયાન અંદાજે ૧૦ ટકા જોડાણોમાં ગેરરીતિ મળી આવી હતી. ચેકિંગ દરમિયાન સૌથી મોટી વીજચોરી રૈયા રોડ વિસ્તારમાં સામે આવી હતી. અહીં કૃષિ વીજ જોડાણનો વ્યાવસાયિક ઉપયોગ થતો હોવાનું બહાર આવતાં એક જ જોડાણમાં રૂ.૧૭ લાખની વીજચોરી ઝડપાઈ હતી. આ ઉપરાંત કેટલાક રહેણાંક અને અન્ય જોડાણોમાં પણ રૂ.૩-૩ લાખ સુધીના આકારણી બિલ ફટકારવામાં આવ્યા હતા.

આ ઝુંબેશ દરમિયાન આજી-૧, આજી-૨, પ્રહલાદ પ્લોટ, મોરબી રોડ, કોઠારીયા રોડ, માધાપર, બેડીનાકા, રૈયા રોડ, પ્રદ્યુમનનગર, ઉદ્યોગનગર, વાવડી, ખોખડદળ, મવડી રોડ, મોટામવા, કાલાવડ રોડ સહિતના વિસ્તારોમાં તપાસ કરવામાં આવી હતી. જંગલેશ્વર જેવા સંવેદનશીલ વિસ્તારોમાં પણ પોલીસ અને એસઆરપીના બંદોબસ્ત સાથે ચેકિંગ હાથ ધરાયું હતું. પીજીવીસીએલના જણાવ્યા મુજબ વીજચોરી રોકવા આગામી દિવસોમાં પણ શહેરભરમાં આવી જ સઘન ચેકિંગ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

# ન્યુ રાજકોટના હાઈરાઈઝ બિલ્ડીંગમાં બેફામ પાણી ચોરી પર તંત્રની તવાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા હાઈરાઈઝ એપાર્ટમેન્ટોમાં પીવાના પાણીની ગેરકાયદે ચોરી સામે રાજકોટ મહાનગરપાલિકાના વોટર વર્કસ વિભાગે સઘન ગુપ્ત ચેકિંગ અભિયાન શરૂ કર્યું છે. મવા, મવડી અને નવા રિંગ રોડ સહિતના વિસ્તારોમાં મુખ્ય પાણીની લાઇનના વાલ્વ સાથે ચેડાં કરી વધુ પાણી ખેંચવાના અનેક કિસ્સા સામે આવતાં તંત્રએ કાર્યવાહી વધુ કડક બનાવી છે. સમગ્ર કાર્યવાહીનો અહેવાલ આગામી જનરલ બોર્ડમાં રજૂ કરવામાં આવશે.

ગત જનરલ બોર્ડની બેઠકમાં શાસક પક્ષના કોર્પોરેટરોએ જ પાણીચોરીનો મુદ્દો ઉઠાવી વહીવટી તંત્રનું ધ્યાન દોર્યું હતું. ત્યારબાદ છેલ્લા પખવાડિયાથી વોટર વર્કસ વિભાગે શહેરના શંકાસ્પદ વિસ્તારોમાં ગુપ્ત તપાસ શરૂ કરી છે. કાર્યવાહી દરમિયાન સંડોવાયેલા લોકો અગાઉથી સતર્ક ન થઈ જાય તે માટે મનપા હાલ કોઈ સત્તાવાર વિગતો જાહેર કરી રહી નથી.

મનપાના સૂત્રોના જણાવ્યા મુજબ વોર્ડ નં. ૮, ૯, ૧૦ અને ખાસ કરીને વોર્ડ નં. ૧૧માં સૌથી વધુ શંકાસ્પદ કિસ્સાઓ સામે આવ્યા છે. મોટા મવા, મવડી અને નવા રિંગ રોડ વિસ્તારની અનેક હાઈરાઈઝ ઇમારતો તપાસના દાયરામાં આવી છે. કેટલીક જગ્યાએ કોર્પોરેશનની મુખ્ય પાણી લાઇનના વાલ્વ ખોલી અથવા તેમાં ગેરકાયદે ફેરફાર કરી મોટા પ્રમાણમાં પાણી ખેંચવામાં આવતું હોવાનું તપાસમાં સામે આવ્યું છે.




**» મવા, મવડી અને નવા રિંગ રોડ વિસ્તારમાં ગુપ્ત ચેકિંગ; મુખ્ય લાઇનના વાલ્વ ખોલી પાણી ખેંચવાના કિસ્સા સામે આવ્યા, જનરલ બોર્ડમાં રિપોર્ટ રજૂ થશે**

અગાઉ પણ સમ્પ કનેક્શન મારફતે વધુ પાણી ખેંચવાના કિસ્સાઓ સામે આવ્યા હતા. જેના કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં પાણીનું દબાણ ઘટી જતું અને લોકોને પૂરતો પાણી પુરવઠો મળતો ન હોવાનું કોર્પોરેટરો અને સ્થાનિકોએ રજૂઆત કરી હતી. કેટલાક કિસ્સામાં વાલ્વમેન સહિતના કર્મચારીઓની સંડોવણી અંગે પણ ફરિયાદો મળતાં તેની પણ તપાસ ચાલી રહી છે.ગત મહિને મવડી વિસ્તારના કેટલાક એપાર્ટમેન્ટોને પાણીચોરી બદલ રૂ.૧ લાખ સુધીનો દંડ ફટકારવામાં આવ્યો હતો. હાલ પણ ગુપ્ત તપાસ અને ચેકિંગ ચાલુ છે. અધિકારીઓ ચૂંટાયેલી બોડી સમક્ષ ઝડપાયેલા કેસો, વસૂલાયેલા દંડ અને કરાયેલી કાર્યવાહીનો વિગતવાર અહેવાલ આગામી જનરલ બોર્ડમાં રજૂ કરવાની તૈયારી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

**કરોડોની જમીન ખાલી કરવા મામલતદારનો હુકમ**

# ઉમરાળી-ગઢકામાં સરકારી જમીનના દબાણ હટાવવાનો આદેશ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ તાલુકાના ઉમરાળી અને ગઢકા ગામમાં કરોડોની સરકારી જમીન પર થયેલા ગેરકાયદે દબાણો સામે તાલુકા મામલતદારે કડક કાર્યવાહી કરતાં દબાણ દૂર કરવાનો આદેશ કર્યો છે. બંને કેસમાં દબાણકર્તાઓને દંડ ફટકારી નિયત સમયમર્યાદામાં જમીન ખાલી કરવા સૂચના આપવામાં આવી છે.

મામલતદાર કે. એચ. મકવાણાની કોર્ટમાં ચાલેલા કેસમાં ઉમરાળી ગામના રે.સ. નં. ૨૨૨ પૈકીની આશરે ૧,૯૮૫ ચોરસ મીટર સરકારી જમીન પર રામભાઈ હદાભાઈ ચાવડાએ બિનઅધિકૃત રીતે ખેતી માટે દબાણ કર્યું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. સરકાર તરફે સર્કલ અધિકારીનો તપાસ અહેવાલ રજૂ થયા બાદ સામાવાળા માલિકીના કોઈ આધારભૂત પુરાવા રજૂ કરી શક્યા ન હતા. જેના આધારે મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ રૂ.૨,૩૦૩નો દંડ ફટકારી તાત્કાલિક દબાણ દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ જમીનની બજાર કિંમત રૂ.૧ કરોડથી વધુ હોવાનું જણાવાયું છે.

બીજા કેસમાં ગઢકા ગામના સર્વે નં.૪૭૭ પૈકીની આશરે ૨ એકર સરકારી જમીન પર અસલમભાઈ અલારખાભાઈ ઓડિયા અને આરીફભાઈ અલારખાભાઈ ઓડિયાએ વર્ષ ૨૦૨૧થી ગેરકાયદે દબાણ કર્યું હોવાનું સામે આવ્યું હતું. મામલતદાર કોર્ટે બંને પક્ષોની



રજૂઆતો સાંભળ્યા બાદ બંને દબાણકર્તાઓને રૂ.૫,૦૯૯ લેખે કુલ રૂ.૧૦,૧૯૮નો દંડ ફટકારી જમીન તાત્કાલિક અસરથી ખાલી કરવાનો હુકમ કર્યો છે. આ જમીનની અંદાજિત બજાર કિંમત રૂ.૨થી ૩ કરોડ હોવાનું જણાવાયું છે.

મામલતદાર કે. એચ. મકવાણાએ હુકમમાં જણાવ્યું છે કે જો નિયત સમયમર્યાદામાં દબાણ દૂર કરવામાં નહીં આવે તો મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# 20 લાખના ચેક રિટર્ન કેસમાં વેવાઈને એક વર્ષની સજા

## એક માસમાં રકમ નહીં ચૂકવે તો વધુ 2 મહિનાની સજા

સિટી ન્યૂઝ@રાજકોટ

વેવાઈ પાસેથી લીધેલી રૂ.૨૦,૦૦,૦૦૦ની રકમ પરત કરવા આપેલો ચેક રિટર્ન થતાં દાખલ થયેલા કેસમાં રાજકોટની અદાલતે આરોપી છગન કાનજીભાઈ કપુરીયાને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. ઉપરાંત અદાલતે ફરીયાદીને રૂ.૨૦,૦૦,૦૦૦ એક માસની અંદર વળતર તરીકે ચૂકવવાનો સ્પષ્ટ હુકમ કર્યો છે. જો નિર્ધારિત સમયમર્યાદામાં આ રકમ ચૂકવવામાં નહીં આવે તો આરોપીને વધુ ૨ મહિનાની સાદી કેદ ભોગવવાની રહેશે, એમ પણ અદાલતે જણાવ્યું છે.

કેસની હકીકત મુજબ પર્ણકુટી મેઈન રોડ વિસ્તારમાં રહેતા કિશોર નાથાભાઈ ઠુંમરે તેમના વેવાઈ છગન કાનજીભાઈ કપુરીયાને સંબંધના વિશ્વાસે રૂ.૨૦ લાખ આપ્યા હતા. આરોપી બાંધકામના વ્યવસાયમાં આર્થિક મુશ્કેલીમાં હોવાને કારણે આ રકમ લેવામાં આવી હતી. બાદમાં રકમ પરત કરવા આરોપીએ ચેક આપ્યો હતો, પરંતુ બેંકમાં રજૂ કરતાં પૂરતા ભંડોળના અભાવે ચેક પરત ફર્યો હતો. કાયદેસરની નોટિસ પાઠવ્યા છતાં પણ રકમ પરત ન મળતાં ફરીયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ હેઠળ અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી.

કેસ દરમિયાન આરોપીએ કટકે-કટકે રૂ.૮.૯૦ લાખની ચુકવણી કરી હતી, પરંતુ બાકી રહેલી રૂ.૧૧.૧૦ લાખની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યો હતો. ફરીયાદી તરફે રજૂ કરાયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે અદાલતે માન્યું હતું કે ચેક કાયદેસરના દેવાની ચુકવણી માટે જારી કરવામાં આવ્યો હતો. ચેક અથવા તેના પરની સહી અંગે આરોપીએ કોઈ વિવાદ કર્યો નહોતો તેમજ ફરીયાદીના પુરાવાનું વિશ્વસનીય ખંડન પણ કરી શક્યો નહોતો.



એડવોકેટ સુરેશ ફળદુ

મહેસૂલ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે તમામ પુરાવા, દલીલો અને કેસની પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈ આરોપીને દોષિત ઠેરવી એક વર્ષની સજા તથા રૂ.૨૦ લાખ વળતર ચૂકવવાનો ચુકાદો આપ્યો હતો. અદાલતે નોંધ્યું હતું કે ફરીયાદીએ એન.આઈ. એક્ટના તમામ જરૂરી તત્વો પુરવાર કર્યા છે અને આરોપી તરફથી કોઈ મજબૂત બચાવ રજૂ કરવામાં આવ્યો નથી.

ફરીયાદી કિશોરભાઈ ઠુંમર તરફે એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃષ્ણાલ શાહી, ચેતન ચોવટિયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરિયા, ભાવીન ખુંટ અને સાહિલ કંટારિયાએ દલીલો રજૂ કરી હતી. એડવોકેટ સુરેશ ફળદુએ જણાવ્યું હતું કે વ્યક્તિઓ વચ્ચેના વિશ્વાસ અને સંબંધોને તોડનારા આવા કેસોમાં રહેમ રાખી શકાય નહીં અને આવા ગુનાઓ સામે કડક વલણ જરૂરી છે.

# બોલેરોના ચાલકે પોલીસમેનને ઠોકરે લઈ પોલીસ સ્ટેશનમાં મચાવી ધમાલ

» મારા ભાઈને પોલીસ મથકે કેમ લઈને આવ્યા બધાના પટ્ટા ઉતરાવી નાખીશ કહી રોફ જમાવ્યો

» કાર ચાલક સહિત ત્રિપુટી સામે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરજમાં રૂકાવટનો ગુનો




સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસની પકકડ ઢીલી પડી હોય લુખ્ખાઓ બેકાબુ બન્યા છે. સામાન્ય લોકો તો ઠીક હવે પોલીસ પણ લુખ્ખાઓનો શિકાર બનતી હોવાના બનાવો વધ્યા છે. પુરપાટ કારે પોલીસમેનને ઠોકરે લીધા બાદ પોલીસ મથકે ઘસી આવેલા અન્ય બે શખસોએ મારા ભાઈને કોણ લઈને આવ્યુ તમારા ટોપી,પટ્ટા ઉતરાવી નાખીશ કહી આજીડેમ પોલીસ મથકમાં ધમાલ મચાવતા પોલીસે ફરજમાં રૂકાવટ સહીતનો ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ આજીડેમ પોલીસ સ્ટેશનના સોલવંટ ચોકી ખાતે ફરજ બજાવતા પોલીસમેન રામજીભાઈ ભોળાભાઈ ટાઢાણી જયનગર મેઈન રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સવારે પુરપાટ બોલેરો કાર ના ચાલક રાહુલ રાજેશભાઈ ગોંડલીયાએ કોન્સ્ટેબલના મોટરસાયકલ ને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. અકસ્માતમાં બાઈકને નુકસાન થયું હતું. જ્યારે કોન્સ્ટેબલે કાર ચાલકની પુછતાછ કરતા ત્યારે આરોપી રાહુલે ઉદ્ધત વર્તન કરી તેના ભાઈઓ પ્રિન્સ ભારથી અને પાર્થ ભારથીને ફોન કરીને આજીડેમ પોલીસ સ્ટેશનના ઈન્વેસ્ટિગેશન રૂમમાં બોલાવી લીધા હતા. પોલીસ મથકની અંદર જ ત્રણેય આરોપીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો અને હાજર પોલીસ સ્ટાફને તમારા બધાના પટા ઉતરાવી નાખવાનીક્ર ખુલ્લેઆમ ધમકીઓ આપી સરકારી ફરજમાં ગંભીર રૂકાવટ ઊભી કરી હતી. આજીડેમ પોલીસે કોન્સ્ટેબલ રામજીભાઈની ફરિયાદના આધારે ત્રણેય શખ્સો ફરજમાં રૂકાવટ સહીતનો ગુનો નોધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.




# પારડીનો એક શખ્સ પડવલા પાસેથી હથિયાર સાથે ઝબ્બે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ગેરકાયદે હથીયાર રાખતા તેમજ હથીયાર વેચનાર ઈસમો ઉપર વોચ રાખી કેસો કરવા માટે આપેલી સુચના અન્વયે શાપર-વેરાવળ પોલીસ મથકના પીઆઈ આર. બી. રાણા, એએસઆઈ ડી. આર. સરવૈયા, એચસી દિનેશભાઈ ખાટરીયા, એચસી જગદીશભાઈ ઝાલા, પીસી લખધીરસિંહ જાડેજા, પીસી રાજદીપસિંહ જાડેજા પીસી મનસુખભાઈ ચૌહાણ, દિવ્યેશભાઈ શામળા સહિતની ટીમે બાતમી આધારે રેલવે ફાટક પાસે વોચ ગોઠવી પારડીના પ્રકાશ ઉર્ફે પકકો રણછોડભાઈ પરમારને દેશી બનાવટની પીસ્ટલ સાથે ઝડપી લીધો હતો. પકડાયેલ પ્રકાશ ઉર્ફે પકકાએ આ હથિયાર કયાંથી કોની પાસેથી લીધું ? તે અંગે તેની પુછતાછ હાથ ધરાઈ છે.

# વેરાવળ જુગારધામ કેસમાં પોલીસે 2 ગુનામાં 33 આરોપીઓ ઝડપ્યા

## SMC દરોડા બાદ પોલીસ પર હુમલો અને ફાયરિંગ કેસમાં LCB, SOG, D-સ્ટાફનું સંયુક્ત ઓપરેશન; ફરાર આરોપીઓને ઝડપી પાડવા કાર્યવાહી તેજ

**સિટી ન્યૂઝ@ગીર સોમનાથ**

વેરાવળના કોળીવાડા વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા જુગારધામ પર પાડવામાં આવેલા દરોડા દરમિયાન સર્જાયેલા હંગામા, પોલીસ પર હુમલો અને પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા કરવામાં આવેલા ફાયરિંગના પ્રકરણમાં ગીર સોમનાથ પોલીસે કાર્યવાહી વધુ તેજ બનાવી છે. આ ઘટનાને પગલે નોંધાયેલા ૨ અલગ-અલગ ગુનાઓમાં અત્યાર સુધી કુલ ૩૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું ડીવાયએસપી ચેતન ખટાણાએ જણાવ્યું હતું.



પ્રાપ્ત વિગતો મુજબ, SMCની ટીમે કોળીવાડા વિસ્તારમાં જુગારધામ પર દરોડો પાડતાં જુગાર રમતા ઈસમો તેમજ ત્યારબાદ એકત્ર થયેલા ટોળાએ પોલીસની ફરજમાં રૂકાવટ ઊભી કરી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. પરિસ્થિતિ વધુ વણસતા SMCના પોલીસ ઈન્સ્પેક્ટરે આત્મરક્ષાના ભાગરૂપે હવામાં ૨ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. સમગ્ર ઘટનાએ રાજ્યભરમાં ભારે ચર્ચા જગાવી હતી.

પોલીસે જુગારધારા હેઠળ એક તેમજ પોલીસ પર હુમલો, ફરજમાં રૂકાવટ, હત્યાના પ્રયાસ, રાયોટિંગ સહિતની ગંભીર કલમો હેઠળ બીજો ગુનો નોંધ્યો છે. જુગારધારાના ગુનામાં કુલ ૩૪ આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો, જેમાંથી ૧૩ આરોપીઓ ઝડપાઈ ચૂક્યા છે. જ્યારે પોલીસ પર હુમલો અને ફરજમાં રૂકાવટના ગુનામાં કુલ ૪૦ આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો, જેમાંથી અત્યાર સુધી ૨૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

ફરાર આરોપીઓને ઝડપી પાડવા જિલ્લા પોલીસ દ્વારા LCB, SOG અને D-સ્ટાફની વિશેષ ટીમોને કામે લગાડવામાં આવી છે. વિવિધ વિસ્તારોમાં સતત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. ટેકિનકલ સર્વેલન્સ અને અન્ય સૂત્રોના આધારે આરોપીઓ સુધી પહોંચવાના પ્રયાસો પણ તેજ કરવામાં આવ્યા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સંવેદનશીલ વિસ્તારોમાં વધારાનો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાની તપાસ વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખી આગળ ધપાવવામાં આવી રહી છે.

### SMCના સતત દરોડાથી જિલ્લા પોલીસની કામગીરી સામે સવાલ

છેલ્લા અંદાજે ૬ મહિનામાં સ્ટેટ મોનિટરિંગ સેલે વેરાવળ, તાલાલા, ગીર ગઢડા અને ઉના સહિતના વિસ્તારોમાં દારૂ અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ૭ જેટલા દરોડા પાડી કાર્યવાહી કરી છે. સતત SMCને કાર્યવાહી કરવી પડતાં જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા માટે જવાબદાર LCB, SOG સહિતની શાખાઓની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. હવે ઉચ્ચ કક્ષાએથી આ બાબતે કોઈ સમીક્ષા અથવા જરૂરી પગલાં લેવામાં આવે છે કે કેમ તેના પર સૌની નજર છે.

## ત્રણ સંતાનોની માતાને લગ્નનું વચન આપી દોઢ વર્ષ સુધી શારીરિક સંબંધ બાંધ્યાનો આક્ષેપ

# રાજકોટમાં રહેતી ત્યક્તાને લગ્નની લાલચે દુષ્કર્મનો શિકાર બનાવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં રહેતી ત્રણ સંતાનોની ત્યક્તા મહિલાએ ચુનારાવાડમાં રહેતા દીપક રામજીભાઈ સોલંકી સામે લગ્નની લાલચ આપી દોઢ વર્ષ સુધી દુષ્કર્મ આચરી અંતે લગ્ન કરવાની ના પાડી તરછોડી દીધાનો આક્ષેપ કરતાં આજી ડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ મહિલાના પ્રથમ લગ્ન ચોટીલાના રહેવાસી સાથે થયા હતા અને તેમને ૩ દીકરીઓ છે. આશરે ૩ વર્ષ અગાઉ છૂટાછેડા થયા બાદ ત્રણેય દીકરીઓ તેમની સાથે રહે છે. ત્યારબાદ મહિલા રાજકોટમાં રહેતા એક વ્યક્તિ સાથે મૈત્રી કરાર હેઠળ રહેતી હતી. તે દરમિયાન જાન્યુઆરી ૨૦૨૫માં તેના મિત્ર તરીકે આવનારા દીપક રામજીભાઈ સોલંકી સાથે પરિચય થયો હતો.

મહિલાનો આક્ષેપ છે કે આરોપીએ અગાઉના સંબંધમાંથી બહાર આવી પોતાની સાથે લગ્ન કરવા જણાવ્યું હતું અને ત્રણેય દીકરીઓની જવાબદારી સ્વીકારવાની ખાતરી આપી હતી. આ વિશ્વાસમાં મહિલાએ અગાઉનો સંબંધ સમાપ્ત કરી આરોપી સાથે રહેવાનું શરૂ કર્યું હતું. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપીએ લગ્ન કરવાની ખાતરી આપી દોઢ વર્ષ દરમિયાન અનેક વખત શારીરિક સંબંધ બાંધ્યા હતા. જ્યારે મહિલા લગ્ન અંગે પૂછતી ત્યારે થોડા સમય બાદ લગ્ન કરી લેવાની વાત કરી ટાળતો હતો. હવે આરોપીએ લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી મહિલાને તરછોડી દેતા અંતે તેણે આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.આજી ડેમ પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શાપરમાં દરોડા દરમિયાન 13 વર્ષનો બાળ મજૂર મુક્ત કરાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શાપર-વેરાવળના ઔદ્યોગિક વિસ્તારમાં ટાસ્ક ફોર્સે દરોડો પાડી ૧૩ વર્ષના બાળ મજૂરને મુક્ત કરાવ્યો છે. નર્મદા ગેટ નજીક આવેલા એક ઔદ્યોગિક એકમમાં બાળ મજૂરી કરાવવામાં આવતી હોવાની માહિતીના આધારે કાર્યવાહી હાથ ધરી સંચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. રાજકોટના શ્રમ અધિકારી મેહુલ હિરાણીની ફરિયાદના આધારે શાપર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. ફરિયાદ મુજબ એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ, જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) તેમજ ઔદ્યોગિક સ્વાસ્થ્ય અને સલામતી વિભાગના અધિકારીઓ સાથેની ટાસ્ક ફોર્સે શાપર-વેરાવળ વિસ્તારમાં બાળ મજૂરોને શોધી મુક્ત કરાવવા માટે સંયુક્ત તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન નર્મદા ગેટની અંદર એસ.આર.પી. રોડ પર આવેલા એક ઔદ્યોગિક એકમમાં દરોડો પાડતાં ૧૩ વર્ષનો સગીર કામ કરતો મળી આવ્યો હતો. પૂછપરછમાં તે છેલ્લા ૩ દિવસથી ત્યાં મજૂરી કરતો હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ ટીમે સગીરને મુક્ત કરાવી બાળ સંભાળ સંસ્થામાં મોકલી આપ્યો હતો.

આ કેસમાં ઔદ્યોગિક એકમના સંચાલક ભૂરા મહેંદી હસન સામે ચાઈલ્ડ લેબર (પ્રોહિબિશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ હેઠળ ગુનો નોંધી શાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# હત્યાના ગુનામાં સગીર બાળ સંરક્ષણ ગૃહમાં એક આરોપી સોમવાર સુધી રિમાન્ડ પર

**» ક્રાઈમ બ્રાન્ચે દેવળીયા ગામેથી વધુ એક હથિયાર, આઠ કાર્ટીસ કબજે કર્યા**

**» હથીયારમાંથી મીસફાયર થતા ઘવાયેલો આરોપી સારવારમાં : ડિસ્ચાર્જ બાદ કબ્જો લેવાશે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

નાનામવા ગામે બાઈક ધીમે ચલાવવાના મામલે ઠપકો આપનાર યુવકની ગોળી મારી હત્યાના ગુનામાં પોલીસે નવલનગરમાં રહેતા શખસ અને તેના સગીર સહિત બે પુત્રની અટકાયત કરી સગીરને બાળ સંરક્ષણ ગૃહને હવાલે કરી પિતા-પુત્રને ત્રણ દિવસના રિમાન્ડ મેળવી તેની પાસેથી બે હથીચાર અને ૮ કારતીસ કબજે કરી હત્યાના ગુનામાં અન્ય કોઈની સંડોવણી છે કે નહી તેમજ ગેરકાયદે હથીચાર કોણે આપ્યુ ? સહીતની પુછતાછ કરી હતી. તેમજ ફાયરીંગ વેળાએ મીસ ફાયરમાં આરોપી થાયલ થયો હોય તેને સારવાર માટે ખસેડાયો છે. રજા આપ્યા



બાદ તેની ઓળખ પરેડ કરવાની અને ઘટના અંગે રિકન્ટ્રુશન કરવાની કાર્યવાહી કરી છે.

નાનામવા ગામમાં રહેતા અને ધ્રાગધ્રા હોટલ ચલાવતા કૃષ્ણસિંહ હરદેવસિંહ જાડેજા (ઉ.વ. ૩૦)ની તેમના ઘર પાસે જ ગોળી મારી હત્યા નિપજાવી નાસી ગયેલા નવલનગરના રણજીત નાજાભાઈ વાળા, તેના પુત્ર રાજવીર (ઉ.વ. ૧૯) ઉપરાંત એક સગીર પુત્રની ક્રાઈમ બાંચે અટકાયત કરી આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી છે. ક્રાઈમ બ્રાંચ દ્વારા આરોપીઓ સામે નક્કર પુરાવા એકત્ર કરવા કવાયત શરૂ કરાઈ છે. સગીર આરોપીને બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી આપવામાં આવ્યો છે, જ્યારે રણજીત અને તેના પુત્ર રાજવીર વાળાના ૧૦ દિવસના રીમાન્ડ મેળવવા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા જેમા કોર્ટે સોમવાર સાંજ સુધીના રિમાન્ડ મંજુર કરતા પોલીસે તેમની પાસેથી મળી આવેલ હથીયાર ક્યાથી લાવ્યો ? તેમજ આ ગુનામાં વધુ કોઈ આરોપીઓની સંડોવણી છે કે કેમ ? તે અંગે પુછતાછ કરી હતી તેમજ ઘટના વખતે મિસ ફાયર થતાં મુખ્ય આરોપી રણજીત વાળા પણ ઘાયલ થયો આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા આરોપી રણજીત વાળાએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, તેના દીકરાનો ફોન આવતા તે પોતાની પિસ્તોલ લઈને ગાડીમાં મોકાજી સર્કલ પાસે ગયો હતો. જ્યાં દીકરાઓએ સામો ઝથડો કરનાર વ્યક્તિ બતાવી હતી. રણજીતે પોતાની પિસ્તોલમાંથી સામેવાળા પર ફાયરિંગ શરૂ કર્યું ત્યારે દરમિયાનમાં કૃષ્ણસિંહે તેને ધક્કો માર્યો હતો, જેના કારણે રણજીત નીચે પડી ગયો હતો. આ ઝપાઝપી દરમિયાન રણજીતના હાથમાં રહેલી પિસ્તોલમાંથી મિસ ફાયરિંગ થતાં ગોળી તેના પોતાના જ ડાબા પગના ઘૂંટણના ભાગે વાગી ગઈ હતી. હાલ તે પણ પોલીસ કસ્ટડી હેઠળ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. હોસ્પીટલમાંથી ઓરોપીની સારવાર પુર્ણ થયા બાદ તેની પાસે ઘટનાસ્થળે રિકન્ટ્રકશન કરવામાં આવશે.

# DDOએ મોવિયાના સરપંચને સસ્પેન્ડ કર્યા, 14.50 લાખની ગેરરીતિનો આક્ષેપ

**ખાનગી સંસ્થાઓને પંચાયત ભંડોળમાંથી દાન આપવાના મામલે જિલ્લા વિકાસ અધિકારીની કાર્યવાહી; પંચાયતી નિયમોના ભંગની તપાસમાં પુષ્ટિ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગોંડલ તાલુકાના મોવિયા ગ્રામ પંચાયતમાં સરકારી ભંડોળના દુરુપયોગ અને પંચાયતી રાજના નિયમોના ભંગના મામલે જિલ્લા વિકાસ અધિકારીએ મહિલા સરપંચ કંચનબેન ખૂંટને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે. સત્તાવાર તપાસમાં પંચાયતના સ્વભંડોળમાંથી ખાનગી સંસ્થાઓને નિયમો વિરુદ્ધ કુલ રૂ.૧૪.૫૦ લાખનું દાન આપવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે.

તપાસ મુજબ સરપંચે પંચાયત બેઠકમાં યોગ્ય પ્રક્રિયા અને મંજૂરી વિના ગુજરાત પાટીદાર ગૌસેવા જીવદયા સંચાલિત પાંજરાપોળને રૂ.૧૨.૫૦ લાખનું દાન મંજૂર કર્યું હતું. વિકાસલક્ષી કામો માટેના ભંડોળનો ઉપયોગ ખાનગી સંસ્થાને મંજૂરી વિના કરવામાં આવ્યો



હોવાનું નોંધાયું છે.

આ ઉપરાંત રાજકોટ સ્થિત નાથાણી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત બ્લડ બેંકને બે વાઉચર મારફતે રૂ.૨ લાખનું દાન ચૂકવાયું હોવાનું ઓડિટમાં બહાર આવ્યું છે. ૧૨ જૂન, ૨૦૨૩ અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ રૂ.૧-૧ લાખના વાઉચર પાસ કરાયા હતા.

તપાસ અહેવાલમાં સરપંચની કાર્યવાહી ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તથા નાણાકીય નિયમોના ભંગ સમાન હોવાનું જણાવાયું છે. જરૂરી પૂર્વ મંજૂરી લેવામાં આવી ન હોવાનું પણ નોંધાયું છે.

જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું કે સરપંચે સત્તાનો દુરુપયોગ કરી સરકારી નાણાંને નુકસાન પહોંચાડ્યું હોવાથી તેમને પદ પર રાખવું યોગ્ય નથી. તેથી કંચનબેન ખૂંટને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે કંચનબેન ખૂંટ અગાઉ જાન્યુઆરી ૨૦૨૪માં રાજીનામાની જાહેરાતને લઈને ચર્ચામાં આવ્યા હતા. હવે આ કાર્યવાહીથી ગોંડલ તાલુકાના સ્થાનિક રાજકારણમાં ફરી ચર્ચા તેજ બની છે.

## કોઠારિયાના નામચીન ગુનેગાર સાગર કાલીયા પાસામાં ધકેલાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**



શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ અસામાજિક તત્વો સામે ચાલી રહેલી ઝુંબેશ હેઠળ આજીડેમ પોલીસે કોઠારિયાના રીઢા ગુનેગાર સાગર દીપક કાલીયા (ઉં. ૩૦) સામે પાસા હેઠળ કાર્યવાહી કરી છે. જયનગર મફતીયાપરા, કોઠારિયા મેઈન રોડ વિસ્તારમાં રહેતા આરોપી સામે ગંભીર પ્રકારના અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું છે. આરોપીના સતત ગુનાહિત ઈતિહાસને ધ્યાને લઈ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પાસા વોરંટ ઈસ્યુ કર્યું હતું. આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એન. પટેલ અને તેમની ટીમે વોરંટની અમલવારી કરીને આરોપીની અટકાયત કરી તેને ભુજ જેલ ખાતે મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરી છે.

# નીતિનકાકાએ કહ્યું બેટા મને પણ તાકાત અને સંબંધો પર ગુમાન હતો, પણ જેલમાં આવ્યા પછી તેમની દીશા બદલતા જોઈ છે





ગોપાલનો ચહેરો અને લાલ થઈ ગયેલી આંખો જોઈને ઑફિસમાં રહેલા કેદીઓને અંદાજ આવી ગયો કે, કંઈક ગરબડ છે. પણ શું થયું છે તેની કોઈને ખબર નહોતી. કાકાએ થોડો વિચાર કર્યો અને ગોપાલને કહ્યું, “બેસ.”એક કેદીને ઈશારો કરી ગોપાલને પાણી આપવા કહ્યું. કેદીએ પાણીનો ગ્લાસ ગોપાલની સામે મૂક્યો. કાકાએ બાકીના કેદીઓ સામે જોયું અને આદેશના સ્વરમાં કહ્યું, “થોડીવાર બધા બહાર જાવ. મારે ગોપાલ સાથે વાત કરવી છે.”

બધા કેદીઓના ચહેરા પર આશ્ચર્ય હતું. આજે એવું તો શું થયું હશે? કાકાએ ગોપાલને બાદ કરતાં બધાને બહાર જવાનું કહ્યું! નીતિનકાકા ગોપાલ સાથે વાત કરવા માગતા હતા. હજી કાકાને વિષયની ખબર નહોતી. જે રીતે ગોપાલ કાકા સામે રડી પડ્યો; એ જોઈને કાકાને લાગ્યું કે, તેમણે ગોપાલ સાથે એકલામાં વાત કરવી જોઈએ. બધા કેદીઓ બહાર નીકળ્યા પછી કાકાએ રોજની ટેવ પ્રમાણે બાજુમાં પડેલા સ્ટૂલ પર પગ લાંબા કર્યા અને ગોપાલને કહ્યું, “બોલ બેટા, શું થયું?”ગોપાલને જેલમાં કોઈ બેટા કહે ત્યારે સારું લાગતું હતું. ગોપાલે રડવાનું ચાલું જ રાખ્યું હતું. થોડીવાર પછી તે શાંત થયો અને નીતિનકાકા સામે જોઈને કહ્યું, “કાકા, નિશી આવી હતી.”પછી તરત યાદ આવ્યું કે, કાકાને કેવી રીતે ખબર હોય કે, નિશી કોણ છે? એટલે સ્પષ્ટતા કરતાં કહ્યું, “નિશી મારી પત્ની. અમારાં પ્રેમલગ્ન થયાં હતાં. હું જેલમાં આવ્યો ત્યારપછી નિશીએ મને મારા પરિવારને સંભાળી લીધો હતો.”

કાકા બહુ ધ્યાનથી તેની વાત સાંભળી રહ્યા હતા. ગોપાલે પોતાના જીવનની વાત અને આજે મુલાકાતમાં નિશી સાથે થયેલી બધી જ વાત કરી. સાથે સાથે તેનાં મનમાં થઈ રહેલી ગડમથલની પણ બધી વાત કાકાને કહી દીધી. કાકાએ તેને પૂછ્યું, “પણ તું રડ્યો શું કામ?”ગોપાલ પણ વિચારમાં પડી ગયો કે, તેને રડવું કેમ આવે છે? ગોપાલે કહ્યું, “કાકા, નિશીને ગુમાવવાનો ડર લાગે છે. એના પપ્પા એને ડિવોર્સ લેવાનું કહી રહ્યા છે.”પોતે જાણે કોઈ ઈન્વેસ્ટિગેટર હોય એ રીતે કાકાએ પૂછ્યું, “પણ તને નિશીનો મૂડ કેવો લાગ્યો?”

ગોપાલ વિચાર કરવા લાગ્યો. થોડીવાર વિચારીને તેણે કહ્યું, “કાકા, આજે પહેલી વખત નિશી મારી આંખોમાં જોયા વગર વાત કરી રહી હતી.”કાકા જાણે વાતને સમજી રહ્યા હોય તેમ તેમણે કહ્યું, “હમ્મ.”ગોપાલ તેમની સામે જોઈ રહ્યો હતો. કાકાએ ગલોફામાં દબાવેલી તંબાકુ કાઢી અને ટેબલ નીચે રહેલાં ડસ્ટબિનમાં તંબાકુ નાખતાં કહ્યું, “બેટા, હું જેલમાં આવ્યો તે પહેલાં મારી તાકાત અને મારા સંબંધો પર મને બહુ ગુમાન હતું. જિંદગીનું સ્ટિઅરિંગ મારા હાથમાં હતું. સોરી મારા હાથમાં હતું એવો મને ભ્રમ હતો. હું જેલમાં આવ્યો પછી મને લાગ્યું કે, મારી ઈચ્છા અને મારા આદેશને કોઈ ઉથાપી શકે નહીં. પણ જેમ જેમ સમય પસાર થતો ગયો; તેમ તેમ મને સમજાયું કે, આપણે બધા સમયની કઠપુતળી છીએ. આપણા હાથમાં કંઈ જ નથી.”


પ્રશાંત દયાળ

એક હાથ ઊંચો કરીને ઉપર તરફ આંગળીથી ઈશારો કરતાં કહ્યું, “પેલો આપણને નચાવે તેમ આપણે નાચીએ છીએ.”ગોપાલને મનમાં પ્રશ્ન થયો કે, નીતિનકાકા આ બધું મને શું કામ સમજાવી રહ્યા? કાકાએ પૂછ્યું, “તું હમણાં રહીમને મળ્યો હતો?”

ગોપાલે કહ્યું, “હા.”નીતિનકાકાએ કહ્યું, “મારી પર આરોપ છે કે, કોમી તોફાનોમાં મેં મુસ્લિમોને માર્યા છે. સાચું કહું તો મારું મગજ સડી ગયું હતું. હું માનતો હતો કે, આ દેશમાં મુસ્લિમ જોઈએ જ નહીં. મારી આ માનસિકતાને કારણે અનેક અનર્થ થયા છે. પણ અહીં આવીને હું રહીમને મળ્યો ત્યારપછી મને લાગે છે કે, હું નીતિન છું, તું ગોપાલ છે અને પેલો રહીમ છે એનાથી આપણને શું ફેર પડે છે? કંઈ જ નહીં.”

એકાદ ક્ષણ રોકાઈને તેમણે કહ્યું, “જેલમાં આવ્યા પછી મારા વિચારો બદલાઈ ગયા છે. મને અંદર આવ્યા પછી માણસની ઓળખ થવા લાગી છે. આપણે જેલમાં છીએ, પણ આપણને જેમની પર ભરોસો હોય તેવા માણસોને મેં બદલાતા જોયા છે. કારણ, આપણે તેમના માટે કોઈ કામના રહ્યા નથી. પણ હવે મને લાગે છે કે, બહાર રહેલા આપણા લોકો જે બદલાઈ ગયા છે, તેમાં તેમનો પણ વાંક નથી. કારણ, તેમની પાસે પોતાની પણ જિંદગી છે. ક્યાં સુધી તે લાગણીમાં આપણો ભાર વેંઢારીને ફર્યા કરશે?

તને આજે નિશી મળવા આવી ત્યારે તે તને બદલાયેલી લાગી. નિશીના પપ્પાની ઈચ્છા છે કે, નિશીએ ડિવોર્સ આપી દેવા જોઈએ. તને નિશીને ગુમાવવાનો ડર લાગે છે, પણ તું નિશીની જગ્યાએ તારી જાતને મૂકીને જો. માની લે કે નિશીને કોઈ કારણસર દસ વર્ષની સજા થઈ હોત; તો તું કેટલો સમય તેની રાહ જોતો? એક વાત હંમેશા યાદ રાખજે કે, સમય કોઈની રાહ જોતો નથી. જેલમાં અનેક કેદી એવા છે, જેમનો પરિવાર વર્ષો સુધી તેમની રાહ જોતો રહ્યો; પણ આપણે બધા પાસે તેવી અપેક્ષા રાખી શકીએ નહીં. મેં જેલમાં આવી ગયેલા અનેક કેદીઓના સંસારને તૂટતા પણ જોયો છે. કોર્ટ સજા તો તારા અને મારા જેવા ગુનો કરનાર માણસને કરે છે; પણ ખરેખર સજા એક વ્યકિતને નથી થતી. જેલમાં જે આવે છે, એનો આખો પરિવાર કોઈને કોઈ રીતે સજા ભોગવતો હોય છે.”ગોપાલે કાકાને અધવચ્ચે જ અટકાવતાં પૂછ્યું, “પણ કાકા, નિશી મને છોડીને તો નહીં જાયને?”

કાકા શાંત થઈ ગયા. થોડોક વિચાર કરીને કહ્યું, “આપણી જિંદગીમાં જે ખરાબ થાય છે, તેનો ડર ખરાબ થવા કરતાં વધારે વિકરાળ હોય છે. એટલે જે ખરાબ થવાનું છે તેનો વિચાર કરીશ નહીં. માની લે કે, નિશીએ તને છોડી જ દીધો. તો શું થાય?”કાકાનો પ્રશ્ન સાંભળીને ગોપાલ સ્તબ્ધ થઈ ગયો. કાકાએ જાણે તેને ઈલેકટ્રિક શોક આપ્યો હોય તેવું લાગ્યું. કાકાએ કહ્યું, “તેના કરતાં તો તું એવો વિચાર કર કે, તું કેવી રીતે નિશીને ખુશ રાખી શકે છે?”

ગોપાલ કાકા સામે જોઈ જ રહ્યો. કાકાને સમજાયું કે, ગોપાલ તેની વાત સમજી રહ્યો નથી. એટલે કાકાએ કહ્યું, “સંબંધને ક્યારેય બાંધી રાખવાનો પ્રયત્ન કરવો નહીં. જ્યારે સંબંધને બાંધવાનો પ્રયત્ન કરો છો, ત્યારે એ સંબંધ બંધન બની જાય છે. જો નિશી તારી હશે, તો કોઈ છીનવી શકશે નહીં. અને જો તારી નથી, તો તારી પાસે રહેશે નહીં. નિશી તારી પાસે રહી તેને કુદરતે સર્જેલું ઋણાનુબંધ માની લે જે. કારણ કે સંબંધ તેનો સમય થાય એટલે આગળ વધી જાય છે.”

ગોપાલ કાકાની સામે જોઈ જ રહ્યો. તે વિચારતો હતો કે, નીતિનકાકા જેવો બહારથી બરછટ લાગતો માણસ સંબંધોની વાત કેવી રીતે સમજ્યો હશે! કદાચ જેલમાં આવીને તેને પોતાને ઓળખવાનો સમય મળ્યો હશે. ગોપાલનાં મનમાં જે ભાર હતો, તે પૈકી ઘણો ભાર ઓછો થઈ ગયો હતો. પણ હજી ઘણીબધી અસ્પષ્ટતાઓ હતી, જેનો જવાબ મળ્યો નહોતો. ગોપાલ કાકા સામે જોઈ જ રહ્યો હતો. કાકાએ કહ્યું, “બેટા, સમયને સમયનું કામ કરવા દે. ચાલ આપણે પણ કામ પર લાગીએ. પણ ચિંતા કરતો નહીં. કોઈપણ કામ હોય તો મને કહેજે.”(ક્રમશઃ)

# હાઈકોર્ટના ચુકાદા બાદ કોંગ્રેસે ભ્રષ્ટ અધિકારીઓ સામે કાર્યવાહીની માંગ

**» સસ્પેન્ડને બદલે ડિસમિસ જ કરવાની સરકારને અપીલ; TRP કેસના આરોપીઓને 2 વર્ષ અડધો પગાર ચૂકવ્યાનો આક્ષેપ**



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેર કોંગ્રેસના મહામંત્રી અને પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, શહેર કોંગ્રેસ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલા, નાગજીભાઈ વિરાણી અને જયંતિભાઈ હિરપરાએ સંયુક્ત નિવેદન જાહેર કરીને રાજ્ય સરકાર સમક્ષ ભ્રષ્ટાચારના કેસોમાં સંડોવાયેલા અધિકારીઓ સામે માત્ર સસ્પેન્શન નહીં પરંતુ સીધી ડિસમિસ કરવાની માંગ ઉઠાવી છે. તેમણે જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર સામે કડક વલણ અપનાવવું સમયની માંગ બની ગઈ છે. કોંગ્રેસના આગેવાનોનો આક્ષેપ છે કે રાજ્યમાં લાંચ અને ભ્રષ્ટાચારના કેસોમાં ઝડપાયેલા અધિકારીઓ સામે ઘણીવાર માત્ર સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવે છે, જેના કારણે તેઓ લાંબા સમય સુધી અડધો પગાર મેળવતા રહે છે અને બાદમાં ફરીથી સરકારી સેવામાં ગોઠવાઈ જાય છે. તેમના જણાવ્યા મુજબ આ પ્રથા ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપે છે અને તંત્રની વિશ્વસનીયતા પર પ્રશ્નચિહ્ન ઊભું કરે છે. તેમણે ઉમેર્યું કે અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ ગંભીર બેદરકારી અથવા ભ્રષ્ટાચારના કેસોમાં કડક અને દાખલારૂપ કાર્યવાહી થવી જરૂરી છે.

નિવેદનમાં રાજકોટના TRP ગેમઝોન અગ્નિકાંડનો ઉલ્લેખ કરતાં આગેવાનોએ દાવો કર્યો છે કે આ કેસમાં સંડોવાયેલા અધિકારીઓને લાંબા સમય સુધી અડધો પગાર ચૂકવવામાં આવ્યો હતો, જે ગંભીર બાબત છે. હાઈકોર્ટના આદેશ બાદ મહાનગરપાલિકાના ૬ અધિકારીઓને બરતરફ કરવાની કાર્યવાહીનું તેમણે સ્વાગત કરતાં જણાવ્યું હતું કે આ નિર્ણય ભવિષ્ય માટે માર્ગદર્શક સાબિત થઈ શકે છે.

કોંગ્રેસના આગેવાનોનું કહેવું છે કે હાઈકોર્ટનો નિર્ણય સરકારી તંત્ર માટે ચેતવણીરૂપ છે અને ભવિષ્યમાં સરકારી ફરજમાં ગંભીર બેદરકારી દાખવનારા અધિકારીઓ સામે કડક અને નિષ્પક્ષ કાર્યવાહી થવી જોઈએ. તેમણે રાજ્ય સરકારને ભ્રષ્ટાચાર અને ફરજમાં બેદરકારીના કેસોમાં વધુ કડક નીતિ અપનાવી પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાની માંગ કરી છે.



# સુમિતાબેન ચાવડાની જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિમાં નિમણૂક

**» બેડી–3 બેઠકના સભ્યને સમિતિમાં સ્થાન મળતાં કાર્યકરોમાં આનંદ; ભાજપના નેતૃત્વનો વ્યક્ત કર્યો આભાર**

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. જેમાં બેડી-૩ બેઠકના જિલ્લા પંચાયત સભ્ય સુમિતાબેન રાજેશભાઈ ચાવડાની આરોગ્ય સમિતિના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે.

સુમિતાબેન ચાવડાના પ્રતિનિધિ રાજેશભાઈ (રાજા) ચાવડા વિસ્તારમાં સામાજિક અને આરોગ્યલક્ષી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હોવાનું સ્થાનિકોમાં માનવામાં આવે છે. આરોગ્ય સમિતિમાં નિમણૂક થતાં કાર્યકરો અને સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

નિમણૂક બદલ સુમિતાબેન ચાવડાએ પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપના નેતૃત્વ, રાજકોટ જિલ્લા ભાજપના પ્રભારી ભરતભાઈ આચાર્ય તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજકોટ-લાલકુઆં ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનના 11 ફેરા લંબાવાયા

**» 20 જુલાઈથી 28 સપ્ટેમ્બર સુધી દોડશે સ્પેશિયલ ટ્રેન; બુકિંગ 11 જુલાઈથી શરૂ**

સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવેએ મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખી વિશેષ ભાડા પર દોડતી રાજકોટ-લાલકુઆં સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનના ૧૧ ફેરા લંબાવવાનો નિર્ણય કર્યો છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા મુજબ ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ ૨૦ જુલાઈથી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી દોડશે. જ્યારે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશિયલ ૧૯ જુલાઈથી ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નંબર ૦૫૦૪૬ના લંબાવવામાં આવેલા ફેરાઓ માટેનું બુકિંગ ૧૧ જુલાઈથી તમામ PRS કાઉન્ટરો તેમજ IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સ્ટોપેજ, સમયપત્રક અને કોચ કમ્પોઝિશનની વિગત મુસાફરો www.enquiry.indianrail.gov.in પરથી મેળવી શકશે.



# રાજકોટના બાલાજી હનુમાનજી મંદિરે શનિવારે ફૂલોનો દિવ્ય શણગાર

કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ સ્થિત બાલાજી હનુમાનજી મંદિરે શનિવારના પાવન અવસરે બાલાજી દાદાને તાજા અને સુગંધિત ફૂલોના દિવ્ય શણગારથી અલંકૃત કરવામાં આવ્યા હતા. સોનેરી સિંહાસન પર બિરાજમાન દાદાના અલૌકિક સ્વરૂપના દર્શન માટે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. મંદિર પરિસર જય બાલાજી અને જય બજરંગ બલીના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. આ વિશેષ શણગાર દર્શનનું આયોજન મંદિરના આયોજક મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી તથા કોઠારી મુનિવત્સલદાસજી સ્વામીના માર્ગદર્શન અને પાવન નિશ્રા હેઠળ સંપન્ન થયું હતું.

# રાજકોટમાં સેવાભાવી જૈન ઉદ્ઘોષકોનો શુભેચ્છા સન્માન સમારોહ 14 જુલાઈએ

## લોકપ્રતિનિધિઓ, સમાજના આગેવાનો અને વિવિધ ક્ષેત્રે સેવારત જૈન ઉદ્ઘોષકોનું થશે અભિવાદન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સમાજમાં વર્ષોથી નિસ્વાર્થ ભાવથી સેવા, સંસ્કાર અને સામાજિક ઉત્કર્ષ માટે કાર્યરત સેવાભાવી વ્યક્તિઓને બિરદાવવાના હેતુથી જૈન વિઝન પરિવારના ઉપક્રમે ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૩૦ વાગ્યે ૧૫૦ ફૂટ રિંગ રોડ સ્થિત બાલાજી થાળ ખાતે શુભેચ્છા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને રાષ્ટ્ર સંત નમ્રમુનિ મહારાજના કૃપાશિષ પ્રાપ્ત થયા હોવાથી કાર્યક્રમને વિશેષ આધ્યાત્મિક મહત્ત્વ પણ પ્રાપ્ત થયું છે.કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર નેહલભાઈ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સંજયભાઈ પીપળીયા, કોર્પોરેશનના પદાધિકારીઓ, વિવિધ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તેમજ જૈન સમાજના આગેવાનોનું સન્માન અને અભિવાદન



કરવામાં આવશે. ઉપરાંત પોલીસ અધિક્ષક હિમાંશુ દોશી, કોર્પોરેટર ધૈર્યભાઈ પારેખ અને શહેર ભાજપના કોષાધ્યક્ષ મયુરભાઈ શાહ સહિતના આગેવાનો પણ કાર્યક્રમમાં સન્માનિત મહેમાન તરીકે ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવ આપશે.

સમાજના ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પોતાના મધુર અવાજ, વક્તૃત્વ કળા અને સંચાલન કૌશલ્ય દ્વારા આગવી ઓળખ ઉભી કરનાર જૈન ઉદ્ઘોષકોનું વિશેષ સન્માન કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહેશે. અનિષ વાઘર, હેમલ મહેતા, આશિષ શાહ, નિલેશ શાહ, ઉમેશ શેઠ, ડી. કે. કોઠારી, સંજય મહેતા, મેહુલ રવાણી, સુનિલ કોઠારી, તુષાર મહેતા, ગૌરવ દોશી, મનોજ ડેલીવાળા, વીણાબેન શેઠ, જયશ્રીબેન શાહ, વર્ષાબેન પારેખ, ભાવના દોશી અને જલ્પા પતીરાનું અભિવાદન કરવામાં આવશે.કાર્યક્રમ દરમિયાન વિજયી જનપ્રતિનિધિઓ સાથે સંવાદ, સમાજના આગેવાનોનું પરસ્પર મિલન અને સેવાયાત્રાને પ્રોત્સાહન આપતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમારોહનું સંચાલન રૂપાલી સગાલા કરશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત મહેમાનો માટે અલ્પાહારની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. વધુ માહિતી માટે નિરવ મહેતા તેમજ જૈન વિઝનના સંયોજક મિલન કોઠારીનો સંપર્ક કરવા જણાવાયું છે.

# વીરપુરમાં પાણી પુરવઠા બોર્ડની જર્જરિત ટાંકીઓથી મોટી જાનહાનીનો ખતરો

## » ગામના 75 ટકા વિસ્તારમાં પાણી પહોંચાડતી બે ટાંકીઓ ગમે ત્યારે ધરાશાયી થવાની ભીતિ; પંચાયતે લગાવ્યા ચેતવણી બોર્ડ, નવી ટાંકી બનાવી જૂની દૂર કરવા ઉગ્ર માંગ

**સિટી ન્યૂઝ@ગૌરવ ગાજીપરા-વીરપુર**

સૌરાષ્ટ્રના વિખ્યાત યાત્રાધામ વીરપુર (જલારામ) ખાતે પાણી પુરવઠા બોર્ડની બે વિશાળ પાણીની ટાંકીઓ અતિ જર્જરિત હાલતમાં પહોંચી જતાં સ્થાનિકોમાં ભારે ચિંતા વ્યાપી છે. વીરપુરના ખરાવાડ પ્લોટ વિસ્તારમાં સરકારી હોસ્પિટલની પાછળ આવેલી આ ટાંકીઓ ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેવી સ્થિતિમાં હોવાથી આસપાસના રહેણાંક વિસ્તાર માટે મોટો જીવલેણ ખતરો ઉભો થયો છે.

વીરપુર ગ્રામ પંચાયતના સરપંચના જણાવ્યા મુજબ, અંદાજે ૩૦ થી ૩૫ વર્ષ જૂની આ બન્ને ટાંકીઓમાંથી ગામના અંદાજે ૭૫ ટકા વિસ્તારમાં દૈનિક પીવાના પાણીનો પુરવઠો કરવામાં આવે છે. એક તરફ સમગ્ર ગામની પાણી વ્યવસ્થા આ ટાંકીઓ પર નિર્ભર છે, તો બીજી તરફ તેની જર્જરિત સ્થિતિને કારણે કોઈપણ સમયે મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી દહેશત સ્થાનિકોમાં જોવા મળી રહી છે.

ટાંકીઓની આજુબાજુ ગીચ રહેણાંક વિસ્તાર આવેલો છે તેમજ નજીકમાં સરકારી હોસ્પિટલ પણ આવેલી હોવાથી જો ટાંકીઓ ધરાશાયી થાય તો આસપાસના મકાનોને ભારે નુકસાન પહોંચવાની સાથે નિર્દોષ લોકોના જીવ પર પણ ગંભીર જોખમ ઊભું થઈ શકે છે.

આ ગંભીર પરિસ્થિતિ અંગે વીરપુરના તલાટી કમ મંત્રી અક્ષયભાઈ રાઠોડએ જણાવ્યું હતું કે, સંભવિત દુર્ઘટના અટકાવવા અને લોકોને સાવચેત કરવા ગ્રામ પંચાયત દ્વારા ટાંકીઓની બંને બાજુ સ્પષ્ટ ચેતવણી આપતા નોટિસ બોર્ડ લગાવવામાં આવ્યા છે. બોર્ડમાં મિલકત જર્જરિત હોવાથી ગમે ત્યારે પડી શકે છે, તેથી આસપાસ અવરજવર ન કરવા અપીલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, આ અગાઉ પણ ભૂતપૂર્વ સરપંચ તેમજ ગ્રામ પંચાયત દ્વારા પાણી પુરવઠા બોર્ડને અનેક વખત લેખિત રજૂઆતો કરવામાં આવી હતી, છતાં આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. પરિણામે સ્થાનિકોમાં તંત્ર પ્રત્યે રોષની લાગણી જોવા મળી રહી છે.

ગ્રામ પંચાયત અને સ્થાનિક લોકોની સ્પષ્ટ માંગ છે કે, પાણી પુરવઠા બોર્ડ તાત્કાલિક આ મુદ્દે કાર્યવાહી કરે. ગામના પાણી પુરવઠામાં વિક્ષેપ ન પડે તે માટે સૌપ્રથમ અન્ય યોગ્ય સ્થળે નવી પાણીની ટાંકીનું નિર્માણ કરવામાં આવે અને ત્યાંથી નિયમિત પાણી પુરવઠો શરૂ થયા બાદ જ હાલની જર્જરિત ટાંકીઓને સુરક્ષિત રીતે દૂર કરવામાં આવે. આ અંગે ગ્રામ પંચાયત દ્વારા આજે ફરી એકવાર



ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરી તાત્કાલિક હસ્તક્ષેપની માંગ ઉઠાવવામાં આવી છે.સ્થાનિકોનું કહેવું છે કે, દુર્ઘટના સર્જાય તેની રાહ જોવાને બદલે તંત્ર સમયસર નિર્ણય લઈને નવી ટાંકીનું નિર્માણ કરે અને જર્જરિત ટાંકીઓને દૂર કરીને લોકોના જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરે, તેવી હવે ઉગ્ર માંગ ઉઠી રહી છે.



# નરેશભાઈ પટેલના જન્મદિવસે 100થી વધુ સ્થળે સેવાયજ્ઞ





## મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં હજારો રક્તદાતાઓ જોડાયા; વૃક્ષારોપણ, ભોજન સેવા,ગૌસેવા અને સર્વરોગ નિદાન કેમ્પ સહિત વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રણેતા નરેશભાઈ પટેલનો ૬૧મો જન્મદિવસ શનિવારે સેવાકીય પ્રવૃત્તિઓના મહાપર્વ તરીકે ઉજવાયો હતો. વર્ષોથી જન્મદિવસને સમાજસેવાને સમર્પિત કરનાર નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદ્‌જ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે રાજકોટ સહિત ગુજરાત અને રાજ્ય બહાર ૧૦૦થી વધુ સ્થળોએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ ઉપરાંત વૃક્ષારોપણ, ભૂખ્યાઓને ભોજન, ગાયોને ઘાસચારો અને સર્વરોગ નિદાન કેમ્પ સહિતના સેવાકીય કાર્યક્રમો યોજાયા હતા. દિવસભર યોજાયેલા કેમ્પોમાં હજારો રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી માનવસેવામાં યોગદાન આપ્યું હતું.

આ પ્રસંગે નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે છેલ્લા ૩ દાયકાથી તેમના જન્મદિવસે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવે છે અને આ સેવાયજ્ઞમાં હજારો લોકો જોડાયા છે. તેમણે રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓ, આયોજકો અને મિત્રમંડળનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે રક્તદાનથી અનેક જરૂરિયાતમંદ દર્દીઓને નવું જીવન મળે છે.

રાજકોટ શહેરમાં બેડીપરા સ્થિત પટેલવાડી, કોઠારીયા મેઈન રોડ પર આવેલા રાધેશ્યામ બેન્ક્વેટ હોલ અને ન્યૂ માયાણીનગર સ્થિત સરદાર પટેલ ભવન એમ ત્રણ સ્થળોએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા હતા. નરેશભાઈ પટેલે ત્રણેય સ્થળોની મુલાકાત લઈ રક્તદાતાઓ અને આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. મોટી સંખ્યામાં શુભેચ્છકો પણ હાજર રહ્યા હતા.

રાજકોટ ઉપરાંત ગોંડલ, ધોરાજી, જસદણ, જેતપુર, જૂનાગઢ, કેશોદ, વિસાવદર, વેરાવળ, તાલાલા, ગીર ગઢડા, ભાવનગર, મહુવા, રાજુલા, પોરબંદર, અમરેલી, લાઠી, સાવરકુંડલા, કુંકાવાવ, વડીયા, દામનગર, ધારી, બાબરા, ચલાલા, બગસરા, મોરબી, સુરેન્દ્રનગર, અંકલેશ્વર, મહેસાણા, જામનગરના ૭ સ્થળો, અમદાવાદ, સુરત, વડોદરા, રાજપીપળા, વલસાડ, મુંબઈ, ચેન્નાઈ તેમજ મધ્યપ્રદેશના ઝરખેડા અને તીલગારા સહિત ૧૦૦થી વધુ સ્થળોએ બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા હતા. એકત્ર કરાયેલું રક્ત થેલેસેમિયા પીડિત બાળકો અને અન્ય દર્દીઓ માટે ઉપયોગમાં લેવામાં આવશે.

જન્મદિવસ નિમિત્તે અન્ય સેવાકીય કાર્યક્રમો પણ યોજાયા હતા. ૯ જુલાઈએ રાજકોટ નજીક નિર્માણાધીન ખોડલધામ કેન્સર હોસ્પિટલ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ભરૂચ, અંકલેશ્વર, ભાવનગર, અરવલ્લી, પાલનપુર અને બોટાદના આશ્રમો તથા વૃદ્ધાશ્રમોમાં ભોજન સેવા યોજાઈ હતી. બોટાદ, અમદાવાદ અને ભાવનગરમાં વૃક્ષારોપણ તેમજ બોટાદમાં ગાયોને ઘાસચારો આપવામાં આવ્યો હતો. નિકાવા અને ખરેડી ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયા હતા.

દિવસભર યોજાયેલા કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં સમાજજનો અને સ્વયંસેવકો જોડાયા હતા. જન્મદિવસની ઉજવણીને સેવા અને માનવતા સાથે જોડતી આ પહેલને વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો.

# જંકશન પ્લોટમાં દબાણખોરો અને મનપાની સંતાકૂકડી

## મોચી બજારથી રેલવે સ્ટેશન રોડ પર દબાણનું સામ્રાજ્ય, શાકભાજીવાળાઓના કારણે આખો દિવસ ટ્રાફિકજામ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના મોચી બજારથી રેલવે સ્ટેશન તરફ જતા વ્યસ્ત માર્ગ પર શાકભાજીના દબાણખોરોનો આતંક યથાવત છે. ફૂટપાથથી આગળ વધીને મુખ્ય રોડ પર જ લારીઓ અને છકડા પાર્ક કરીને બેસતા વેપારીઓના કારણે ટ્રાફિકની સમસ્યા વણસી રહી છે. મનપાની નબળી કામગીરીએ આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે. મહાનગરપાલિકા દ્વારા દિવસમાં ૨ થી ૩ વાર દબાણ હટાવવા માટેની ગાડી આવે છે, પરંતુ તે કામગીરીના કારણે દબાણખોરો નાસીને જંકશન પ્લોટના રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જાય છે. આ દોડધામમાં શાકભાજીવાળા, છકડો રિક્ષાવાળા અને દબાણખોરો દ્વારા આખા રેસિડેન્ટ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાય છે. ખાસ કરીને જંકશન પ્લોટ-૧૫ માં રહેતા પરિવારો માટે આ દબાણખોરોની નાસભાગ હવે માથાનો દુખાવો બની ગઈ છે.

### બાળકોનું બહાર નીકળવું પણ જોખમી

સ્થાનિક રહેવાસીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, રસ્તા પર બેફામ દોડતા છકડા અને લારીઓ વચ્ચે અહીંના નાના બાળકો શેરી કે ગલીઓમાં રમી પણ શકતા નથી. અકસ્માતનો ભય સતત માથે તોળાઈ રહ્યો છે. સામાજિક કાર્યકર્તા યોગેશ માખેચા અને પૂર્વ કોર્પોરેટર અતુલભાઈ રાજાણીએ આ મુદ્દે તંત્રને ચીમકી આપી છે કે, જો આ દબાણો દૂર કરવામાં નહીં આવે અને સુરક્ષિત વાતાવરણ નહીં આપવામાં આવે તો આગામી દિવસોમાં આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે. તંત્ર આ બાબતે કોઈ કાયમી ઉકેલ લાવે તે અત્યંત અનિવાર્ય છે.

# માધવ મંડળીના સ્થાપના દિને ‘કસુંબીનો રંગ’ ડાયરાનું આયોજન

## ૧૫ જુલાઈએ હેમુ ગઢવી હોલમાં લાખણશી ગઢવી અને સાગર મેસવાણીયા લોકસાહિત્ય–ભક્તિની રમઝટ બોલાવશે; સભાસદો માટે વિશેષ કાર્યક્રમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

માધવ શરાફી સહકારી મંડળી લિમિટેડ તેના ૨૮મા સ્થાપના દિન નિમિત્તે ૧૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાત્રે ૮:૦૦ વાગ્યે હેમુ ગઢવી હોલ ખાતે લોકસાહિત્ય અને ભક્તિનો સંગમ સમાન ’કસુંબીનો રંગ’ ડાયરાનું આયોજન કરશે. કાર્યક્રમમાં લોકસાહિત્યના જાણીતા કલાકાર લાખણશી ગઢવી અને ભક્તિગાયનના આરાધક સાગર મેસવાણીયા ઉપસ્થિત રહી લોકસાહિત્ય, ભજન અને સાંસ્કૃતિક રજૂઆતો દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે.

૨૭ વર્ષ પૂર્ણ કરીને ૨૮મા વર્ષમાં પ્રવેશી રહેલી માધવ શરાફી સહકારી મંડળી પારદર્શક વહીવટ, અનુશાસન અને સભાસદલક્ષી કામગીરી માટે સહકારી ક્ષેત્રમાં આગવી ઓળખ ધરાવે છે. સંસ્થા સરળ અને ઝડપી ધિરાણ, આકર્ષક વ્યાજદર, ગોલ્ડ લોન, સભાસદ ભેટ, ૨૦ ટકા સુધી ડિવિડન્ડ અને વિવિધ કલ્યાણકારી યોજનાઓના કારણે સભાસદોમાં વિશ્વાસનું કેન્દ્ર બની છે.

મંડળીના સ્થાપના દિનની ઉજવણી દર વર્ષે સ્વરૂપાબેન શીલુની સ્મૃતિને અર્પણ કરવામાં આવે છે. સ્થાપનાકાળથી સંસ્થાના વિકાસમાં તેમના યોગદાનને યાદ કરી બોર્ડ ઓફ ડિરેક્ટર્સે દર વર્ષે ૧૫ જુલાઈએ સ્થાપના દિનની વિશેષ ઉજવણી કરવાનો નિર્ણય કર્યો છે.

માધવ શરાફી સહકારી મંડળી રાજકોટ ઉપરાંત બોટાદ, મોરબી અને ધોરાજીમાં પણ શાખાઓ



ધરાવે છે. કોરોના મહામારી દરમિયાન વિવિધ રાહત ફંડમાં અનુદાન, રસીકરણ કેમ્પ, શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણમાં સહભાગિતા, વૃદ્ધાશ્રમો, વિરાણી બહેરા-મૂંગા શાળા, સ્કિન બેંક તેમજ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં સંસ્થાએ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. સભાસદોના સંતાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાના નિશુલ્ક તાલીમ વર્ગો અને કર્મચારીઓ માટે તાલીમ શિબિરોનું પણ નિયમિત આયોજન કરવામાં આવે છે.

કાર્યક્રમ માત્ર સભાસદો અને આમંત્રિત મહેમાનો માટે રાખવામાં આવ્યો છે. પ્રવેશપાસ માધવ ભવન, અક્ષર માર્ગ, એસબીઆઈ બેંક સામે, કાલાવડ રોડ સ્થિત કાર્યાલયેથી મેળવી શકાશે. કાર્યક્રમના આયોજન માટે ચેરમેન ડો. પ્રકાશ મોઢા, વાઇસ ચેરમેન ડો. કેતન બાવીશી, ડો. એન. ડી. શીલુ સહિત ડિરેક્ટર મંડળ અને સંસ્થાના અધિકારીઓ-કર્મચારીઓ તૈયારીઓમાં વ્યસ્ત છે.



# નિધિ સ્કૂલના વિદ્યાર્થીઓ લીધી આકાશવાણી રાજકોટની મુલાકાત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલ નિધિ સ્કૂલના ધોરણ ૫ અને ૬ ના વિદ્યાર્થી ભાઈઓએ આકાશવાણી કેન્દ્ર રાજકોટની મુલાકાત લીધેલ હતી, આ મુલાકાતનો ઉદ્દેશ્ય દર રવિવારે આકાશવાણી પર પ્રસારિત થતી બાલસભા હોય, આ બાલસભામાં નિધિ સ્કૂલના વિદ્યાર્થી ભાઈઓ જોડાયેલ હતા, તેમજ તેઓની સાથે આકાશવાણી કેન્દ્રની બાલસભાના સંચાલક ભારતીબેન શિંગાળાએ વિદ્યાર્થી ભાઈઓને બાલસભા કરાવેલ હતી, આ આકાશવાણી કેન્દ્રની મુલાકાતમાં આકાશવાણીના અટલભાઈ શર્માએ સહયોગ આપેલ હતો, આકાશવાણી કેન્દ્રની આ મુલાકાતમાં નિધિ સ્કૂલના હર્ષદ રાઠોડ, સંગીત શિક્ષક બીપીનભાઈ રાધનપુરા તેમજ સ્કૂલના વિદ્યાર્થીઓ નકુમ તીર્થ, ધોળકિયા રાઘવ, પોપલીયા પ્રશાંત, વાડોલીયા નીશીત, જોગરાના મોહિત,ગોહેલ વિકાસ,વાઢેર હર્ષ, સાટીયા પાર્થ જોડાયેલ હતા...



# બાલસરમાં ગૌતીર્થ સાથે આધુનિક ગૌવંશ હોસ્પિટલનું નિર્માણ થશે

## » રામરચિત ફાઉન્ડેશન ટ્રસ્ટનો 1,000થી વધુ ગૌવંશની સારવારનો સંકલ્પ; જીવદયા અને માનવસેવાના અનેક પ્રકલ્પોને અનુદાનની અપીલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રી રામરચિત ફાઉન્ડેશન ટ્રસ્ટ લોધિકા તાલુકાના બાલસર ગામે ૨ એકર વિસ્તારમાં ગૌતીર્થ અને આધુનિક ગૌવંશ હોસ્પિટલ વિકસાવી રહ્યું છે. ગૌપ્રેમી દાતા રણજીતસિંહ નટવરસિંહ જાડેજાએ આપેલી જમીન પર આ પ્રોજેક્ટ સાકાર થઈ રહ્યો છે. ટ્રસ્ટનો આગામી સમયમાં ૧,૦૦૦થી વધુ નિરાધાર અને ઘવાયેલા ગૌવંશની સારવાર કરવાનો સંકલ્પ છે, જ્યારે હાલમાં આશરે ૨૦૦ ગૌવંશની સેવા કરવામાં આવી રહી છે.

ટ્રસ્ટના જણાવ્યા મુજબ ગૌશાળાને આશ્રયસ્થાન સાથે આધ્યાત્મિક, શૈક્ષણિક અને પર્યટન કેન્દ્ર તરીકે વિકસાવવાનો હેતુ છે. ગૌતીર્થમાં દેશી ગાયોની જાતિઓનું પ્રદર્શન, ગૌ સંસ્કૃતિ મ્યુઝિયમ, ડિજિટલ માહિતી કેન્દ્ર, ઓર્ગેનિક ફાર્મ, કુદરતી ખેતીના પ્રયોગો, પંચગવ્ય સંશોધન કેન્દ્ર, ગૌ થીમ પાર્ક, મીની એનિમલ વિલેજ, નેચર ટ્રેઇલ, બળદગાડાની સફર, ગૌ રેસ્ક્યુ સેન્ટર અને આધુનિક પશુ હોસ્પિટલ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવશે.

ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામેલી ગૌવંશ હોસ્પિટલમાં રસ્તા પર રઝળતા, અકસ્માતમાં ઘવાયેલા અને નિરાધાર ગૌવંશને વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. હોસ્પિટલમાં ઓપરેશન થિયેટર, એક્સ-રે, લેબોરેટરી, આઈસીયુ, રિકવરી વોર્ડ, ૨૪ કલાક એમ્બ્યુલન્સ સેવા અને સીસીટીવી જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. કુલ ૨૪,૮૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં હોસ્પિટલ અને ગૌશાળાનું નિર્માણ થયું છે, જ્યારે વધુ ૨ શેડનું કામ ચાલુ છે.

ટ્રસ્ટ ગૌસેવા ઉપરાંત માનવસેવાના પ્રકલ્પો પણ ચલાવે છે. રાજકોટમાં નિરાધાર વડીલો માટે ૩૬૫ દિવસ નિશુલ્ક ટિફિન સેવા, ઇન્દિરા સર્કલ ખાતે ભોજનાલય, રસ્તા પરના શ્વાનો માટે અન્નક્ષેત્ર, ચકલી બચાવો અભિયાન, પક્ષીઓ માટે ચણ અને પાણીની વ્યવસ્થા, ઉનાળામાં છાશ અને શિયાળામાં ધાબળા વિતરણ જેવી સેવાઓ કરવામાં આવે છે.

ટ્રસ્ટના ટ્રસ્ટી ઓમ છાયા, ભાવિન રાવલ, ભરતસિંહ જાડેજા, રાજુ મોઢવાડિયા અને એડવોકેટ યશ વૈષ્ણવે ગૌશાળા અને માનવસેવાના પ્રકલ્પોને આગળ વધારવા દાતાઓને અનુદાન આપવા અપીલ કરી છે. ટ્રસ્ટને આપવામાં આવતું દાન આવકવેરા કાયદાની કલમ ૮૦G હેઠળ કરમુક્તિ પાત્ર હોવાનું જણાવાયું છે.